॥ ॐ श्री ॥

विक्रम संवत् १९६९ ना

नूतन वर्षारंभमां सन्मित्रने पत्र.

લખનાર,

દોલતરામ નરસિંહરામ ભટ્ટ.

આસિસ્ટંટ માસ્તર, મ્યુનિસિપલ મુખ્ય સ્કૂલ. કપડવણજ.

વતન કપડવણજ—જીલ્લે ખેડા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ચતુરલાલ આદિત્યરામ ભટ્ટ.

હેડ માસ્તર, ધિ કિન્ગ એડવર્ડ મેમોરીઅલ, ઍન્ગ્લો-વર્નાક્યુલર સ્કૂલ—પ્રાંતીજ. જીલ્લે અમદાવાદ.

વતન વાડાસિનોર—તાબે રેવાકાંઠા.

છાપનાર, લલ્લુભાઈ ઈશ્વર; નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસ-અમદાવાદ.

शोकारातिभयत्राणं प्रीतिविश्रंभभाजनम् ।
केनरत्नमिदं सृष्टं मित्रमित्यक्षरद्वयम् ॥

દોહરો.

સન્મિત્ર તણો પત્ર આ, પુરણ રાખી પ્યાર,
સ્નેહી શાણા સજ્જનો, વાંચી કરો વિચાર.

વિક્રમ સંવત્ ૧૯૬૯. ઈસ્વી સન ૧૯૧૩.

નીતિની વર્તણુક અને પરમેશ્વરની ભક્તિ વિના સર્વ સુખ નકામું છે.

ઇન્દ્રવિજય છંદને મળતો.

શું થયું સુંદર સ્હેજ સુવા થકી, શુ થયું ભોજન ભાવતાં કીધે,
શું થયુ હાથીને હોદ્દે બિરાજેથી, શું થયુ ગામ ગરાસજ લીધે;
શું થયું ઉપરી આપ બન્યાવળી, શુ થયુ મ્હેલ બગીચે બિરાજે,
દોલત દિલ વિચાર કરી કહે, નીતિ ને ભક્તિ વિના નહીં છાજે.

જાહેર ખબર.

॥ श्रीमन्नारायणाविष्कृतक्राव्यम् ॥

(શ્રીમન્નારાયણ દેવ મહારાજનું ઉત્પત્તિ માહાત્મ્ય.)

આ માહાત્મ્યમાં શ્રી **नारायणदेव**ના **सुदर्शनचक्र**નો અવતાર પૃથ્વીપતિ ગુજરાત પાટણનો મહારાજા **कर्ण** થયો, જેને શંકરભક્ત **सिद्धराज जयसिंह** નામા પુત્ર થયો; જે પૂર્વ જન્મને વિષે ઉદગ્ર વિધાયક નામનો શંકર ભગવાનનો અનુચર હતો. પરંતુ દુર્વાસા મુનિના શાપથી આ મનુષ્ય લોકમા રાજવશમાં તેનો જન્મ થયો હતો. જે **सिद्धराजे श्रीमन्नाराणदेव** તથા **श्रीगुप्तेश्वर** મહાદેવ તથા **नीलकंठ** સદાશિવનો **कुंड** વાવમાંથી ઉદ્ધાર કર્યો વીગેરે વીગેરે તથા તે દેવવર્યોની ઉત્પત્તિ તથા મહાત્મ દર્શાવેલું છે; તથા તેમાં **कमलापुरी** (કપડવણજ શેહેર) નું સવિસ્તર વર્ણન કરેલુ છે. આવું પુસ્તક આજ સુધીમાં બહાર પાડવામાં આવ્યું નથી.

કિંમત રૂ. ૦-૮-૦ પોસ્ટેજ જુદું. પુસ્તક મળવાનું ઠેકાણું.

શાસ્ત્રી પુરૂષોત્તમ કેશવલાલ જોષી.

ગ્રંથ કર્ત્તા—કપડવણજ.

॥ ॐ श्री ॥

विक्रम संवत् १९६९ ना

नूतन वर्षारंभमां सन्मित्रने पत्र.

લખનાર,

દોલતરામ નરસિંહરામ ભટ્ટ,

આસિસ્ટંટ માસ્તર, મ્યુનિસિપલ મુખ્ય સ્કૂલ. કપડવણજ.

વતન કપડવણજ—જીલ્લે ખેડા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ચતુરલાલ આદિત્યરામ ભટ્ટ.

હેડ માસ્તર, ધિ કિન્ગ એડવર્ડ મેમોરીઅલ ઍન્ગ્લો-

વર્નાક્યુલર સ્કૂલ—પ્રાંતીજ. જીલ્લે અમદાવાદ.

વતન વાડાસિનોર—તાબે રેવાકાંઠા.

शोकारातिभयत्राणं प्रीतिविश्रंभभाजनम् ।
केनरत्नमिदंसृष्टं मित्रमित्यक्षरद्वयम् ॥

દોહરો.

સન્મિત્ર તણો પત્ર આ, પુરણ રાખી પ્યાર;
સ્નેહી શાણા સજ્જનો, વાંચી કરો વિચાર.

વિક્રમ સંવત્ ૧૯૬૯. ઈસ્વી સન ૧૯૧૩.

અમદાવાદ—પીરમસા રોડ ઉપર ધી નિર્મળ પ્રીન્ટિંગ પ્રેસમાં
લલ્લુભાઇ ઇશ્વરભાઇએ છાપ્યું.

अर्पण पत्रिका.

* अनुष्टुप् छंदः ॥

नूतने वत्सराऽऽरंभे सन्मित्रपारितोषिकम् ।
सुहृदस्सज्जनास्सर्वे स्वीकुर्वन्तुसदामुदे ॥

જેનું તે તેનેજ હોય. એક મિત્રે અન્ય મિત્ર પ્રતિ પૂર્ણ શુદ્ધ સાત્વિક પ્રેમાવેશમાં લીન થઈ હૃદયોદ્ગાર પત્ર રૂપે નૂતન વર્ષારંભે ઉપહાર કરતાં અતુલ મમતા દર્શાવી; તે ઉપહારના ભોગી ભ્રમરો જે "सकल विवेकी विद्वान् सन्मित्र वर्ग" છે તેઓને પણ તેનો આ સ્વાદ લેવાનો પૂર્ણ હક્ક છે તો તેથીજ અર્પણ થાય છે:-

આ "लघु लेख"

પૂર્ણ પ્રેમથી,

"सकळ विवेकी विद्वान् सन्मित्रवर्ग"ने

મુ. પ્રાંતીજ. કાર્તિક શુક્લ પૂર્ણિમા. દેવ-દીપોત્સવી.	ચ. આ. ભટ્ટ. પ્ર. કર્તા.

* આ શ્લોક કપડવણજનિવાસી શાસ્ત્રીજી પુરષોત્તમભાઇ કેશવલાલે સ્વયં તૈયાર કરી આપેલો છે.

પ્રસ્તાવના.

પ્રિય વાંચક સુહૃદ્વર્ગ.

આવો લઘુ લેખ-ને તે વળી પત્ર; તેને તે વળી પ્રસ્તાવના શી ! અથવા તેની શું જરૂર ! એ પ્રશ્નો સ્વાભાવિક રીતે હરકોઇના મનમાં ઉદ્ભવે તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. કિન્તુ કોઇ પણ લખાણ લાંબું કે ટુંકું હોય પરંતુ તે છપાઇ બહાર પડે ત્યારે તેનો ઉદ્દેશ પણ લાંબો નહિં તો ટુંકામાં પણ તે સાથે પ્રસ્તાવના રૂપે બહાર પડવોતો જોઇએ; અને તેથીજ આ નીચે ટુંકામાં પ્રસ્તાવના લખવામાં આવી છે.

આ પત્ર મારા સ્વજ્ઞાતિ અને પ્રેમી મિત્ર ભટ્ટ દોલતરામ નરસિંહરામ કપડવણજવાસીએ આ સાલની નવિન વર્ષની ભેટ તરીકે મારાપર મોકલ્યો હતો. તે વાંચી મને ઘણો આનંદ અને સંતોષ થયો, તેની અંદરની બીના બોધદાયક અને સન્નીતિ માર્ગ દર્શક તથા નિવૃત્તિ પ્રવૃત્તિ ઉભયાત્મક હોવાથી તે જન સમુહને ઉપયોગી થઇ પડશે એમ મને લાગવાથી તે પ્રસિદ્ધ કરવા મને પ્રબળ ઇચ્છા થઇ. એવામાં ઉક્ત સુહૃદ્ રા. ભાઇ દોલતરામભાઇનું અત્રે આગમન થયું; અને આ પત્ર છપાવવા સબંધમાં તેમની અનુમતિ લેતાં તેમણે ખુશીથી તે આપી, અને તેથી આ પત્રને હું સુજ્ઞ વાંચક વર્ગના હસ્તકમળમાં મૂકવાને સમર્થ થયો છું. આ પત્ર છપાવવાની તૈયારી કરવામાં તેમજ છપાવવામાં વખતો વખતની

કેટલીક ઉત્તમ મદદ ઉક્ત સુહૃદે આપી છે તે માટે તેમનો આંતઃકરણિક આભાર માનું છું.

આ પત્રમાં શરૂઆતના પૃષ્ટોમાં મૂકેલા સંસ્કૃત શ્લોકોમાંના પાંચ શ્લોક કપડવણુજ નિવાસી વિદ્વદ્વર્યે મહાશય શાસ્ત્રી શ્રી પુરૂષોત્તમભાઇ કેશવલાલભાઇએ સ્વયં તૈયાર કરી આપેલા છે તે માટે તેમનો, તથા આ પત્રમાંની ઘણી ખરી કવિતાઓ જોઈ તેમાં દર્શાવેલા વિચારોને અનુમોદન આપવામાં કપડવણુજવાસી રા. રા. વિદ્વદ્વર્યે મહાશય શ્રીયુત્ અંબાલાલભાઈ દામોદર જોશીએ જે ઉત્સાહ બતાવ્યો છે તે માટે તેમનો તથા પત્રમાંની કેટલીક કવિતાઓ લખી આ પત્રને અલંકૃત કરવામાં આ પત્રના લેખક ઉક્ત સન્મિત્રવર્યેના જ્યેષ્ઠ ભ્રાતા રા. રા. શ્રીયુત્ મહાસુખરામભાઇએ જે પરિશ્રમ લીધો છે તે માટે તેમનો, તેમજ વળી અન્ય સન્મિત્રોએ પણ કેટલોક પરિશ્રમ લેઇ પત્રને અલંકાર આપી વિભૂષિત કર્યો છે તે માટે તે સર્વેનો આંતઃકરણિક આભાર માનું છુ

ઉક્ત સુહૃદવર્યે દોલતરામભાઇનો ગત વર્ષના અધિક માસમાં પૂર્ણ સ્નેહ ભર્યો પ્રથમ પત્ર મારા પ્રતિ આવેલો તે, અને તેનો યથામતિ પ્રત્યુત્તર મેં આપેલો તે, તથા ત્યાર બાદ તુરતજ તેમણે એક પત્ર મારા પ્રતિ પુનઃ લખેલો એ રીતે ત્રણ પત્રો, આ પત્ર પુરો થતાં અંતમાં દાખલ કરવા તેઓશ્રી તરફથી સુચના થવાથી પ્રિય વાંચક સુહૃદ વર્ગના હસ્ત કમળમાં મૂકુછું તેમાં જો કાંઇ અવિનય થયો હશે તો ક્ષમા ચાહુંછું.

લખાણુ શુદ્ધ રાખવા બનતો પ્રયાસ કર્યો છે. છતાં કાંઇ હસ્ત દોષ યા ચક્ષુ દોષથી અશુદ્ધિ રહી ગઇ હશે તો પ્રિય સુજ્ઞ વાંચક વર્ગ તે સુધારી લેઇ વાંચશે એવી આશા છે.

આ પત્ર જેવા ઉમંગ અને ઉત્સાહથી લખાઇ ઉપહાર થયો અને જેવા ઉમંગ અને ઉત્સાહથી તેનો આદરસત્કાર કરવામાં આવ્યો તેવાજ ઉમંગ અને ઉત્સાહથી પ્રિય વાંચક સુહૃદ વર્ગના હસ્તકમળમાં પ્રસિદ્ધકર્તા તરફથી પૂર્ણ પ્રેમ અને આદરપૂર્વક મૂકવામાં આવે છે. આશા છે કે સુજ્ઞ વાંચક બન્ધુ પોતે તેનો લાભ લેઇ પોતાના અન્ય શુભ સુજ્ઞ સ્નેહિ મંડળમાં ફેલાવી તેને પ્રસિદ્ધિમાં લાવશે. **તથાસ્તુ.**

મુ. પ્રાંતીજ. કાર્તિક શુક્લ પૂર્ણિમા. દેવ-દીપોત્સવી.	ચ. આ. ભટ્ટ. પ્ર. કર્તા.

॥ मंगलाचरणम् ॥

दिक्कालाद्यनवच्छिन्नानन्तचिन्मात्रमूर्तये ।
स्वानुभूत्येकसाराय नमः शान्ताय तेजसे ॥ १ ॥

यस्माज्जातं जगत्सर्वं यस्मिन्नेवविलीयते ।
येनेदं धार्यते चैव तस्मै ज्ञानात्मने नमः ॥ २ ॥

वेदान्तेषु यमाहुरेकपुरुषं व्याप्य स्थितंरोदसी
यस्मिन्नीश्वर इत्यनन्यविषयः शब्दो यथार्थाक्षरः ।
अन्तर्यश्चमुमुक्षुभिर्नियमितप्राणादिभिर्मृग्यते
स स्थाणुः स्थिरभक्तियोगसुलभो निश्रेयसायास्तु वः॥ ३॥

यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो
बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्तेति नैयायिकाः
अर्हन्नित्यथजैनशासनरताः कर्मेति मीमांसकाः ।
सोऽयं वो विदधातु वांछितफलं त्रैलोक्यनाथो हरिः॥४॥

यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतः स्तुन्वंति दिव्यैस्तवै-
र्वेदैः सांगपदक्रमोपनिषदैर्गायन्ति यं सामगाः ।
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यन्ति यं योगिनो
यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥५॥

॥ श्री गुरुस्तवनम् ॥

अज्ञानध्वान्तमार्तण्डसच्चिदानंदरूपिणे ।
नमः श्रीगुरुनाथाय व्यापिने परमात्मने ॥ १ ॥
शंकरं शंकराचार्यं केशवं बादरायणं ।
सूत्रभाष्यकृतौ वन्दे भगवन्तौ पुनः पुनः ॥ २ ॥
ब्रह्मानंदं परमसुखदं केवलं ज्ञानमूर्तिम्
द्वंद्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ।
एकं नित्यं विमलमचलं सर्वधी साक्षिभूतं
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ॥ ३ ॥
यस्यप्रसादादहमेव विष्णु-
र्मय्येव सर्वं परिकल्पितं च ॥
इत्थं विजानामि सदाऽऽत्मरूपं
तत्पादपद्मं प्रणतोऽस्मि नित्यम् ॥ ४ ॥
आनंदमानंदकरं प्रसन्न
ज्ञानस्वरूपं निजबोधयुक्तम् ॥
योगीन्द्रमीड्यं भवरोगवैद्यम्
श्रीमद्गुरुं नित्यमहं नमामि ॥ ५ ॥

❀ ॥ अनुष्टुप् छंदः ॥

शंकरं श्री गुरुं पूज्यं वरदानप्रदं विभुम् ।
शास्त्रीयं शास्त्रवेत्तारं कर्तारं प्रणमाम्यहम् ॥ १ ॥

॥ आशीर्वचांसि ॥

॥ वसन्ततिलकोक्तवृत्तानि ॥

सन्मित्रवर्य खलु दौलतरामशर्मन्
नृसिंहपुत्र वररत्न कवे सुधीमन् ॥
विद्याचतुर चतुरस्य विचक्षणस्य
दत्तो विदा परिचयो भवता मुदे मे ॥ १ ॥

शास्त्रीयसद्गुणयुतः पुरुषोत्तमाख्यः
श्रीमत्परिचयगतः शुभचिन्तकोऽहम् ॥
आशीर्वचांसि सततं भवते तथा वै
विद्वद्वरस्य चतुरस्य ददामि नित्यम् ॥ २ ॥

वस्त्रक्रयाऽभिधपुरे वसितास्सुविज्ञाः
विद्याविवेकविनयादिगुणौघजुष्टाः ॥
त्रिवेदिमोढद्विजदौलतरामपुत्राः
नित्यं जयन्तु किल केशवलालमित्राः ॥ ३ ॥

---

* આ ચાર શ્લોક તથા અર્પણ પત્રિકાના મથાળાનો એક શ્લોક મળી એકંદરે પાંચ શ્લોક કપડવણજનિવાસી શાસ્ત્રીજી પુરૂષોત્તમ કેશવલાલે સ્વયં તૈયાર કરી આપેલ છે.

॥ मित्रप्रशंसा ॥

शोकारातिभयत्राणं प्रीतिविश्रंभभाजनं
केनरत्नमिदंसृष्टं मित्रमित्यक्षरद्वयम् ॥ १ ॥

पापान्निवारयति योजयते हिताय
गुह्यं च गूहति गुणान्प्रकटीकरोति ।
आपद्गतं च न जहाति ददाति काले
सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः ॥ २ ॥

आरंभगुर्वी क्षयिणी क्रमेण लघ्वी पुरा वृद्धिमती च पश्चात्
दिनस्य पूर्वार्धपरार्धभिन्ना छायेव मैत्री खलसज्जनानाम् ॥३॥

सर्वेऽपि सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु माकश्चिद्दुःखमाप्नुयात् ॥
हरि ॐ शान्तिः शान्तिः शान्तिः ॥
ॐ ब्रह्म शान्तिः ॥

" ૐ "

तत्सत्परमात्मने नमः ॥

માલની વૃત.

નૂતન વરસ માંહે દીન બન્ધુ દયાળા,
અતિ મતિ શુભ આપી કષ્ટ કાપો કૃપાળા;
તન મન ધનનું રે સુખ સંસાર પામે,
જીવન સફળ સારૂ સ્હાય દો સર્વ ઠામે.

દોહરો.

સુખ સંપતને સંતતિ, સજ્જનતા શિવ ભાવ;
વધો સઉ દિન દિન પ્રતિ, રાખો મન ઉમરાવ.

---

* શિખરિણી.

વિભુ આ વર્ષે તું, સરવ જનનું શ્રેય કરજે,
સદા શાન્તિ આપી, દિનજનતણાં દુઃખ હરજે;
સુવિદ્યાની વૃદ્ધિ, ભરત ભૂમિમાં ભાવથી ભરો,
કરૂં તારી સેવા, મલિન મતિ સૌની પ્રભુ હરો. ૧
સુઉદ્યોગો આપી, જરૂર જર આપો જગપતિ,
વળી ચોરી ચાડી, વ્યસન તજવા દો શુભ મતિ;
મટાડો રોગોને, મરણુ મહીંમાં નાથ મટવા,
ક્ષમા સૌકો રાખે, નિશદિન ઘણો ક્લેશ ઘટવા. ૨

---

* રા. રા. ભાઇ શ્રી મહાસુખરામ કૃત.

મતિ એવી આપો, સરવ જન સુકીર્તિ કરવા,
કરે રૂડાં કામો, દિન જન તણું દુઃખ હરવા;
પુરો રૂડી ઇચ્છા, નમન કરીને મા'સુખ કહે,
સદા વિઘ્નો કાપો, સરવ જન સુખે વસી રહે.

મોક્ષ કોને મળે ?

દોહરો.

ધરામહિં ધીરજ ધરી, ધરે પ્રભુનું ધ્યાન;
દોલત દિલથી દાખવે, મહિમાં મળશે માન.

બાહ્યાંતર્લાપિકા.

મનહર છંદ.

ચળીત થશે જો ચિત્ત, કે આળસ થશે અંગ,
તુજ કાજ વણસશે, શાલ્યસમ લેખશે,
રખડતો રહી જશે, ચળતી વિમાસો થશે,
લાલા જેવો દેખાવાથી, લાભ શું તું દેખશે; !
લક્ષ ચોરાસી ટાળવા, લક્ષ્મીને દુર્લક્ષ્ય કર,
આ દેહતો જળી જતાં, દોસ્ત ક્યાંથી કહેશે !
દિવાના જેવો જો બને, લક્ષ્મી મેળવવા જેમ,
ત્યમ તરૂણીમાં તાન, તરે ન મરે દવે*
રાખશે જો દઢ ચિત્ત, રાખવા હરિમાં ધ્યાન,
મહાજન મોક્ષપદ, મહીમાં તું મેળવે;

---

* કામાગ્નિ.

દોહરો.

બાહ્યાંતરમાં બે રહ્યા, સન્મિત્રો સાક્ષાત,
¹તૂર્ય પદે તે સુખી રહો, એ યાચું જગતાત.

હરિગીત છંદ.

સન્મિત્ર શાણા જાણીને, આ નવિન વર્ષારંભમાં,
ખૂબ યાદ કરી અંતર મહિં, આ પત્ર આપું હસ્તમાં;
માળા મૂકી છે એક તે, શુભ સ્નેહથી સ્વીકારશો,
દોલત વદે છે દિલથી કે, પ્રીતિ પૂરી પાળશો.

* કુંડળીઓ છંદ.

ચિત્તમાં ચેતી ચાલજો, ચિંતા તજી ચતુર,
આવરદા પુરો થયે, જાવું ઇશ હજુર;
જાવું ઇશ હજુર, તેહ ત્યાં લેખાં લેશે,
માટે સમજી ઉર, રહો સૌ સાદા વેશે;
મનમાં મહિપતિને સ્મરી, ત્યાગ વૃત્તિ નહિ ટાળશો;
મહાસુખ મળવા કારણે, ચિત્તમાં ચેતી ચાલજો.

સોરઠા.

ચોરી લીધું ચિત્ત, ચતુર તેં ચતુરાઇથી,
ચતુરની ચાહુ પ્રીત, ચિત્તની ચિંતા છોડીને.
બાંધી પુરણ પ્રીત, ગુણીઅલને જ્ઞાની ગણી,
સ્નેહ તણી શુભ રીત, નિભાવવી છેવટ સુધી.

---

૧ તૂર્યાવસ્થામાં. * આ અને બીજા કેટલાક છંદ રા. રા ભાઇ શ્રી મહાસુખરામ કૃત છે.

મનહર છંદ.

દેખી આ પ્રવૃત્તિ મારી, દિવાળીના દિવસમાં,
મુરબ્બી મહાસુખરામે, પૂછ્યું મને પ્રેમથી;
ચતુર છે કોણ અને, ચોર્યું કેમ ચિત્ત તારૂં,
ઉત્તર તું આપ મને, ખુશી થાઉં તે થકી;
સુણી વાત ભ્રાતતણી, ખુલાસો ખુશીથી કર્યો,
કવિતા બનાવી આપી. પોતે બહુ ઉમંગથી;
આ વખતે શ્રમ લેઇ, શ્લોક પાંચ બનાવીને,
મોકલવા માટે આપ્યા, પુરૂષોત્તમે પ્રેમથી.

તમારો સ્નેહાધીન

દોલતરામ નૃ. ભટ્ટ.

ॐ

॥ हरिः ॐ तत्सत्परमात्मने नमः ॥

પ્રિય આત્મબન્ધુ ચતુરલાલ,

વિનંતી જે આપનો સહજ સમાગમ સ્વામીજીના ઉત્કંઠ મહાદેવ જવાના સમયમાં થયો હતો, તે વખતે આપણે કઇ પણ વાતચિત ન થતાં માત્ર આપના મુખ દર્શનનોજ લાભ મળ્યો હતો. સ્વામીજીની ખાસ ભલામણથી આપ બન્નેને (આપના પરમ સ્નેહી ડેસર નિવાસી ભાઈ શ્રી શંકરલાલને તથા આપને) મળવાની મારી ઘણી ઇચ્છા હતી, પણ તે વખતે આપનુ કોઇપણ ઠેકાણે સ્થાઇ રેહેવાનુ નહિ જણાયાથી તે લાભ લેઇ શક્યો નહિ. ઇશ્વર કૃપાએ જ્યારે આપનુ બીજીવાર કપડવણજ આવવુ થયું ત્યારે અનાયાસે એક બીજાની ઓળખાણ થઇ એક બે દિવસે આપની સાથે ખુલાસેથી વાત ચિત થઇ-વિચારોનો વિનિમય થયો આપના જેવા સ્નેહીઓની મારે પુરેપુરી ખોટ હતી તે ખોટ કેટલેક અંશે પુરી પડવાથી મને ઘણોજ આનંદ તથા સતોષ થયો; અને ત્યારથીજ આપણા પત્રવ્યવહાર તથા પ્રીતિનુ બીજ રોપાયુઃ-ઉચિત કાળે વૃક્ષ થઇ વૃદ્ધિને પામ્યુ. હુ ધારૂ છુ કે આપણી જીંદગી પર્યંત આપણી આ નિષ્કામ પ્રીતિ ટકી રેહેશે તથા વૃદ્ધિને પામશે.

આપ સુજ્ઞને હુ કોઇપણ રીતે ઉપદેશ કરવાને યોગ્ય નથી છતાં આ પત્રમા તથા આગલા પત્રોમાં આપને ઉદ્દેશીને કાઇ લખાયું હોય તો તે પ્રેમ તથા માન પૂર્વક સ્વીકારી આભારી કરશો.

શ્રી વિચારમાળા.

દોહરા.

નવિન વર્ષના હર્ષમા, દો આશિષ જયકાર;
પુરણ બ્રહ્મ પરમાતમા, એ માગું આવાર. ૧
સ્હાય કરો ને શારદા, યાચું જોડી હાથ,
બુદ્ધિબળ કાંઇ નથી, આભે બીડું બાથ. ૨
શંભૂ સુત ગણેશજી, વિઘ્ન તણા હરનાર,
વિઘ્ન હણી વર આપજો, મન ઇચ્છા અનુસાર. ૩
શ્રી સદ્દગુરૂ પરમાત્મા, કરો આપના રૂપ;
દિનના હિનતા છોડીને, બનૂ ભૂપનો ભૂપ. ૪
ભટકું હું ભવસાગરે, ઝાલો મારો હાથ,
ક્રૂર મગર બહુ મહી વસે, માટે રાખો સાથ ૫
દિવાળીના દિવસમા, દુનિયા કરે કલ્લોલ,
વિધવિધના વૈભવ વડે, માણે મોજ અતોલ. ૬
દુનિયાના વૈભવ થકી, વૃત્તિ થઈ ઉપરામ,
કવિતા કરવા કારણે, તેથી ધારી હામ. ૭
જ્ઞાન ભક્તિ વૈરાગ્યના, ઉપજે યોગ્ય વિચાર;
યથા મતિ આ લેખમા, તેનો ટાંકુ સાર. ૮
મળ્યો અનુભવ જે મને, આજ સુધીમાં જેહ,
તેમાંથી કાંઇ દાખવું, લાયક લેખું જેહ. ૯
વ્હાલા મારા ઓ ચતુર, શાણાના સરદાર;
પત્ર પાઠવું પ્રીતથી, લેશો તેનો સાર. ૧૦

જ્ઞાન ગૂણુમાં છો અધિક, જાણુંછું હોંશીયાર;
તોપણ હામ ધરી અને, દર્શાવુંજ વિચાર. ૧૧
ઉમ્મરમા અદકો ગણી, આપ ગણો છો પુજ્ય;
પણ ઉમ્મર શા કામની ? જ્ઞાન હોય જો તુચ્છ. ૧૨
માત પિતા સ્વર્ગે ગયાં, જન્મ તણા દેનાર;
દિલમા બહુ દિલગીર થઉં, ગણુતાં અતિ ઉપકાર. ૧૩
સેવા કદી કરી નહિ, ના લીધી આશિષ;
શુદ્ધ ભાવથી ના કદી, નીચું નામ્યું શીષ. ૧૪
જૂવાનીના જોરમા, ભજ્યા ન જગકર્ત્તાર;
માત પિતા સેવ્યા નહિ, એ ભૂલ થઇ અપાર. ૧૫
યાદ કરી એ દિવસને, આંખે આંસુ જાય;
સેવા સમય નહિ મળે, બહુ પસ્તાવો થાય. ૧૬
જ્યમ ઉમ્મર અદકી થઈ, ત્યમ આવ્યું કાંઇ જ્ઞાન;
સ્વર્ગે સીધાવ્યા છતાં, ઝાઝું રાખું માન. ૧૭
સદ્ભાગી શાણા તમે, લ્યો સેવાનો લાભ;
માત પિતા આશીષથી, સરશે સઘળાં કાજ. ૧૮
ફરજ બજાવો છો સદા, એથી હું બહુ ખૂશ;
શીખામણ શી દઇ શકું ? ના દેખું કાંઇ ચૂક. ૧૯
માત પિતા છે દેવ રૂપ, એ જાણોછો આપ;
તો અવસર ચુકશો નહિ, ના કરશો પરિતાપ. ૨૦
તન, મન, ધનથી સેવીને, ચાલો મરજી રૂપ;
દુભવશો ના દિલ કદી, ઉતરશો ભવકુપ. ૨૧
[1]સ્વામીજીના વચનનો, મનમાં કરી વિચાર,

---

૧ સ્વામી શ્રી વિવેકાનંદજી.

ગૃહસ્થાશ્રમને ગાળવો, જેમ હોય અધિકાર ૨૨
કર્મ યોગના લેખમાં, સ્પષ્ટ કર્યો છે ધર્મ;
સંસારીએ સર્વદા, સમજી લેવો મર્મ ૨૩
એક સમય બે ગૃહસ્થને, શંકા ઉપજી એમ,
ગૃહસ્થ ગણાવું કે સદા, ત્યાગી થાવું તેમ. ૨૪

ખુલાસાના કારણે, ગયા કબીરની પાસ,
બેસાડ્યા ત્યા ખાટલે, આપી પોતે આશ. ૨૫

સમય હતો બપોરનો, પોતે વણતા શાલ,
સ્ત્રીને ત્યા સમજાવીયુ, દીવો લાવો હાલ. ૨૬

સ્ત્રી કરમાં દીવો લઇ, ઉભી ઘડી એક,
કબીર કરે છે કામ જ્યા, ત્યા રાખીને ટેક. ૨૭
ગૃહસ્થો અકળાયા ઘણા, આપો ઉત્તર આપ;
કબીર કહે મેં આપીયો, આ ઉત્તર સાક્ષાત. ૨૮

ગૃહસ્થ કંઇ સમજ્યા નહિ, કર્યો ખુલાસો ત્યાય,
" સ્ત્રી અનુકુળ જો હોય તો, સુખ ગૃહસ્થાશ્રમ માંય. " ૨૯
અનુભવ નથી કાઇ આપનો, પણ જાણી છે વાત,
અનુકુળ પત્ની આપની, સેવામાં દિન રાત. ૩૦

આવી અનુકુળતા છતા, છોડીને સંસાર;
ઇચ્છે ત્યાગી જો થવા, યોગ્ય નહિ એ લગાર. ૩૧

પ્રતિકુળતા સંસારમા, આવી જો કોઈ વાર;
કાયર કાચા દિલના, તજી જાય ઘરબાર. ૩૨
ભગવત ગીતા જે ભણ્યા, કદી કરે નહિ એમ,
અળગા રહીને અર્જુને, ફરજ બજાવી જેમ. ૩૩

તેમ રહી સંસારમાં, મન રાખે પ્રભુ પાસ;
કર્મ યોગ તો એજ છે, શબ્દ પ્રભુના ખાસ.[1] ૩૪

[2]કર્મ યોગ સમજ્યો નહિ, ગૃહસ્થ હતો જે વાર,
વિધુર થયે વનમાં જવા, બની ગયો તૈયાર. ૩૫

---

૧ સંસારસુ સરસો રહે ને મન મારી પાસ,
સંસારમાં લેપે નહીં તે જાણુ મારો દાસ. અર્જુન સુણો ગીતા
(અર્જુનગીતા.)

૨ સંવત ૧૯૬૧ ની સાલમાં મારા ગૃહસ્થાશ્રમમા ભંગ પડવાથી મારા મનની સ્થિતિ સબંધીની કેટલીક હકીકત માતર તાલુકાના દેવાતજ ગામના લોકો પ્રત્યે પ્રસંગને અનુસરીને લખેલી તેમાથી આપને આ સ્થળે કાઇક લખી જણાવું છું.

રાગ ટત.

નોકરી છોડી હાલ ફરૂછું હુ વગડામા;
નથી ચોટતું ચિત્ત સંસારી રગડામાં. ૧
સદા તજી ધર ગામ ત્યાગી થઇ ફરવા ધારૂં,
કે વિચરૂ વન માહ્ય એમ દિલ ઉઠયુ મારૂં; ૨
જીવવુ શાને કાજ કમાવુ શાને માટે;
પૂર્વે ગયા અસંખ્ય જરૂર જવું એ વાટે ૩
કંઇ માત કંઈ તાત કંઇ ભગનીને ભ્રાતા;
સ્ત્રી મિત્ર પરિવાર ગયા કંઇ સુખના દાતા. ૪
જગત સર્વે છે જૂઠ એક ઇશ્વર છે સાચો,
તે પર કરી પ્રીત અન્તર મનસુઓ કાચો. ૫
એવું સમજી મન નાથને નિત્યે ગાવો,
કરવો જનમ સફળ સુખનો લેવો લ્હાવો. ૬

સંત જનોની શીખથી, ફરજ બજાવું હાલ;
શાણા મારા મિત્ર હો, સાંભળ ચતુરલાલ. ૩૬

ફરી ફરી નહિ મળે મનુષ્યની દેહ મઝાની;
સમજી મનમાં એમ ભક્તિ કરીજ ગજાની. ૭
જો નહિ થાશે તેમ આયુષ્ય મૌ એળે જાશે;
તો ઉપજશે દુઃખ અને પસ્તાવો થાશે. ૮
નીતિમાં રહી નિત્ય સ્મરણ કરવું ખૂબ શિવનું;
ખરેખરૂં એ સત્ય મોક્ષનુ સાધન જીવનું. ૯
બીજુ સર્વ જે સુખ નહિ આવે કંઇ સાથે,
ભલે મોજમાં ફરો મરણનો ભય છે માથે. ૧૦
મન પામે બહુ ત્રાસ પાછલો કરી પસ્તાવો,
બાજી જગડી બધી સુખનો છોડુ દાવો. ૧૧
ખત્તા ખાઇને ખૂબ શિખામણ મારી લીધી;
હવે થઈ હોશિયાર રીત પકડી છે સીધી. ' ૧૨
ના લેવો કઇ વેશ કેશ રાખી નહિ ફરવું;
સાદાઇમા રહી સદા ધ્યાન ઇશ્વરનુ ધરવું. ૧૩
વગર મહેનતે ખાય પરાયા માગી મેવા;
જરૂર જાણવા તેહ હરાયા સાંઢા જેવા ૧૪
રાખી ધરમમાં ધ્યાન ખરો ઉદ્યમ આદરવો;
શરીર ટકાવા કાજ અનાજે કોઠો ભરવો. ૧૫
પેટ રૂપી જે શેઠ તેહની વેઠજ કરવી;
ખરી નોકરી ન્હોય વાત એ નહિ વીસરવી. ૧૬
આવું સમજી મન નોકરી કરવા ધારૂં;
જૂઠું જાણ્યું જગત તેથી દિલ ઉઠયુ મારૂં. ૧૭

ગૃહસ્થાશ્રમ ગુમાવીયો, તેથી છું દિલગીર;
ફરજ બજાવી નહિ અને, અંતે થયો ફકીર. ૩૭

સંસારી સૌ કહે સાંભળી વાતજ સાચી,
સ્ત્રીથી સુખ સૌ મળે અવર સૌ વાતો કાચી. ૧૮
દુઃખ સંસારે ઘણું સદા એકીલા રહેતાં;
આથી પરણો ફરી એમ સંસારી કહેતાં. ૧૯
અજ્ઞાન ઉંઘમાં ઉંઘી વખત બહુ એળે ગાળ્યો;
આથી પરણવા તણો વિચારજ માડી વાળ્યો. ૨૦
કરે ત્યાગની વાત ત્યાગીઓ જ્યારે મળતા;
સુખ સમજાવે સદા પણ દીઠા ટળવળતા. ૨૧
જ્ઞાન વગર વૈરાગ્ય અર્થ સારે નહિ એક;
કરીને ભગવો વેશ અમસ્તા ફરતા ટેકે. ૨૨
વેશ, કેશ કે દેશ બદલવાથી શું મળશે;
મન બદલાશે તોજ ચિત્ત ઇશ્વરમાં ભળશે. ૨૩
માટે સમજી મન વેશ ના કદી ભજવવો;
તેમજ કરી વિચાર વળી ના દેહ લજવવો. ૨૪
જે સ્થિતિમાં જે વખત ઇશ રાખે તેમ રહેવું.
કદી ન કરવો કલેશ સુખ દુ.ખ સર્વે સ્હેવું. ૨૫
દુઃખનું કારણ ભૂલ અને ઇશ્વરની મરજી;
સમજી કરવું સહન કહો કયાં કરવી અરજી. ૨૬
લખી આજ અહીં આમ ચિત્ત ઠેકાણે લાવ્યો;
વળા કરી વિચાર શોક સઘળોજ સમાવ્યો. ૨૭
માસ ત્રણ રહી ઘેર સુખનો શોધ્યો રસ્તો;
જડયો જગતમાં એક ભક્તિનો મારગ સસ્તો. ૨૮

સ્ત્રી અનુકુળ મારી હતી, હું નહિ સ્ત્રી અનુકુળ;
ગૃહસ્થાશ્રમ તૂટયા તણું, એ છે સાચું મૂળ. ૨૮

જ્ઞાન ભક્તિ વૈરાગ્ય વિના સૌ સુખ નકામું;
નજર ફેરવી ખૂબ તપાશી જોયું નામુ. ૨૯
સંસારી સુખ તજી ત્યાગી થઈ વનમા વસવું;
કે રહેવું ઘર માહ્ય પરંતુ મનને કસવું. ૩૦
મન જીત્યો જન જેહ તેહની સુધરી બાજી,
ખરેખરી આ વાત, અનુભવી કહે છે ગાજી. ૩૧

સોરઠા.

મન સુધારણ કાજ, વાસ વરાશી પર કર્યો,
માસ થયા દશ આજ, ઘર મુકી જંગલ ગયે ૩૨

આત્મબોધ—દોહરા.

પુણ્ય પ્રાપ્ત કરવુ ગમે, તો કર ગગા વાસ,
નહિ તો લે સસાર સુખ, રાખી સ્ત્રીને પાસ. ૧

એક દેવને માનવા, કેશવ કે શિવરાય;
મૈત્રી પણ ભલી એકની, ભૂપતિ યતિજ ભણાય.
વાસ વસો જઇ શહેરમા, કે પહોચો વન મ્હાય,
સ્ત્રી સેવો એક સુદરી, કે ગુફા ઘર જ્યાહ. ૨

આત્મબોધ—શા. વિ. છંદ.

રે રે ચિત્ત વૃથા ભ્રમણ થઇ, સંતાપ શાને કરે ?
થવાનુ સૌ થાય એમ સમજી, સંતોષ કા ના ધરે ?
વિતેલી સૌ વાતને વિસરવી, ભાવી ન સંભાળવી,
આવેલી ગુજારવા મન તણી વૃત્તિ બધી વાળવી. ૩

હાલ કરૂં હું લગ્ન તો, ફરજ બજાવું બેશ;
પણ વૈરાગ્ય થવા થકી, મનના ચોંટે લેશ. ૩૯
સંજોગો સારા બધા, તો રહીને સસાર,
જોડાઇ કર્ત્તવ્યમા, તરી ઉતરો પાર. ૪૦
પસ્તાવો પૂરણ થશે, જાનો રહેશે જોગ,
માટે મારા મિત્ર હે, કરો ખરો ઉપભોગ. ૪૧
ચારે આશ્રમમા અંતિ, શ્રેષ્ટ ગણાય જરૂર,
અનુભવ તેનો લેઇને, તરવું માયા પૂર. ૪૨
મદદ માગે બીજા બધા, આ આશ્રમની પાસ,
સ્થંભ રૂપ સ્ત્રીને ગણી, આ આશ્રગમાં ખાસ. ૪૩
દુનિયામા દોસ્તો ઘણા, સાચો સ્ત્રીનો સ્નેહ,
જીવ ગયે જુદો પડે, નહિ એમા સંદેહ ૪૪
સગાં સંબધીનો વળી, અપૂર્વ પ્રેમ જણાય,
પણ ઉત્તમ સ્ત્રીનો નકી, અનુભવથી ઉચરાય. ૪૫
સુખ દુખમાં સમ ભાગ લે, વશી વતન પરદેશ,
સાચો સ્ત્રીનો સ્નેહ છે, એમા ભૂલ ન લેશ. ૪૬
પતિની મરજી સાચવે, હોય રંક કે રાય,
એવી નારી જો મળે, સ્વર્ગ તણું સુખ થાય. ૪૭
ઇચ્છાને આધીન થઇ, પતિશુ જોડે પ્રીત,
સુખ દુખે સાથે વસે, ઉત્તમ નાર ખચીત. ૪૮
અન્યો અન્ય આનદમાં, રહે દિવસને રાત,
કદીએ કલેશ કરે નહિ, એ છે ઉત્તમ જાત ૪૯
ઇચ્છા રાખે ઉરમાં, રહેવાને સંસાર,
જરૂર તેણે જાણવું, સ્ત્રી ઘરનો શણગાર. ૫૦

પંડિત, જોશી, પુરાણીને, કવિ કરે સૌ એમ;
જે ઘરમાં ગૃહિણી નહિ, તે ઘર શોભ કેમ ! ૫૧
જે ઘરમાં ગૃહિણી તણું, સૂખ નહિ તલભાર;
ધાર્યું સ્ત્રીનું થાય જ્યાં, એ ઘરને ધિક્કાર. ૫૨
સ્વામી સુખ આપે ઘણું, છતાં કરે જે ક્લેશ;
નારી તે નરકે જશે, એમાં ભૂલ ન લેશ. ૫૩
કહ્યું ન માને કોઇ દી, ઘરની સ્ત્રી નિરધાર;
તે શું પ્રીત કરે ઘણી, તે પુરૂષ ગમાર. ૫૪
પુરૂષ હોય પ્રૌઢો ઘણો, તેથી નાની નાર,
છતાં ન તાબે રાખતો, તે પુરૂ઼ ગમાર. ૫૫
પૈસો પેદા બહુ કરે, શરીર હોય આરોગ્ય,
સ્ત્રી મરજી નવ સાચવે, તેના પૂરણ ભોગ. ૫૬
બ્હાર બડાઇ મારતો, ઘરમા સ્ત્રીનો દાસ;
નચવે ત્યમ નાચે ખરો, ઘરમા સ્ત્રીની પાસ. ૫૭
એવા નરને આપવી, શી ઉપમા આ વાર;
ખરેખરૂ હું કહુ નકી, ગણો હીજડો યાર. ૫૮
ધન કીર્તિ અને માનની, પાછળ ભમતા લોક;
જ્ઞાની ને અજ્ઞાની સૌ, દીઠા થોકે થોક. ૫૯
હજારમાં હીરો કદી, મળી આવે કોઇ એક;
ધન કીરતી ને માનની, સ્પૃહા ન રાખે છેક. ૬૦
ત્રણુ વસ્તુની પ્રાપ્તિમાં, નીતિ ના જળવાય;
અવળાં કામ કર્યા વિના, ધારેલું ના થાય. ૬૧
સદ્વર્તન શીલ પુરૂષ જો, મળે જવલ્લા કોક;
સુખ દુઃખમાં સમતા ધરે, નહિ હર્ષ નહિ શોક ૬૨

લૌકિકને પુત્રૈષણા, ધનૈષણા કહેવાય;
સૌ કરતાં કર્ત્તવ્યતા, લાયક બહુ લેખાય. ૬૩

કામ ક્રોધ ને લોભ મોહ, મદ મત્સર રિપુ જેહ.
તાબે રાખે તેહને, *જ્ઞાની ગુણીયલ તેહ. ૬૪

શમ દમ આદિ સંપદા, તેનો કરી જમાવ;
કામ કરે દુનિયા તણાં, પડે ન અવળા દાવ. ૬૫
વિવેક ને વૈરાગ્યથી, શમ દમ શુભ સચવાય;
મુમુક્ષુતા રાખ્યા થકી, દુખ સૌ દૂર પળાય. ૬૬

આ દુનિયામા આવીને, કરવાનુ છે એક;
જન્મ મરણ જેથી ટળે, એ સાચવવો ટેક. ૬૭

કર્મ પ્રમાણે ફળ મળે, એ છે સાચી વાત;
સંચિત ને પ્રારબ્ધ એ, ક્રિયમાણ ત્રણ જાત ૬૮
પૂર્વ જન્મનાં કર્મ તે, પ્રારબ્ધો કહેવાય,
સુખ દુ:ખ આ સંસારમાં, એ કારણથી થાય ૬૯

સંચિત ને પ્રારબ્ધને, ઘણા ગણે છે એક,
ક્રિયમાણને ચાલતાં, કર્મ તણો છે લેખ. ૭૦
સબળ હોય પુરૂષાર્થ તો, કર્મ થાય નિર્મૂળ;
ઇચ્છિત ફળ ત્યારે મળે, એમાં નહિ કાંઇ ભૂલ ૭૧

શબ્દ, સ્પર્શ ને રૂપ, રસ, ગંધ વિષયની માંહ્ય,
લપટાયા લોકો ઘણા, ગયો હેતુ મૂળ ક્યાંય. ૭૨

---

*अक्रोधवैराग्यजितेन्द्रियत्वं क्षमादयाशांतिजनप्रियत्वं ।
निर्लोभदाताभयशोकहर्ता ज्ञानीगुणानांदशलक्षणंच ॥

ષડ્રિપુને વશ થઈ, ગયા નર્કને દ્વાર;
ભૂલા પડી ભવ સાગરે, ભટક્યા વારંવાર. ૭૩
ઋષિ મુનિઓ પૂર્વે ઘણા, કરી વનફળ આહાર,
ભક્તિપરાયણ થઇ, તરી ઉતર્યા પાર. ૭૪
અરણ્ય વાસી એ હતા, મોહ થકી બહુ દૂર,
સંસારી હોવા છતાં, હતું મુખ પર નૂર. ૭૫
યમ નિયમથી ચાલીને, સિદ્ધ કરતા એ યોગ;
જ્ઞાન ભૂમિકાએ ચઢી, દુર કરતા ભવ રોગ. ૭૬
એ ઋષિઓનાં બાળકો, પગાં મોહને ફંદ;
કર્ત્તવ્યો ભૂલી ગયાં, ખોટો લાગ્યો છંદ. ૭૭
માયા કે અજ્ઞાનમાં, અંધ બની બહુ લોક;
જન્મ મરણ દુખ વ્હોરીને, ફેરો કીધો ફોક. ૭૮
કોઇ સરકારી જીવને, ના ચોંટ્યો કાંઇ ડાઘ,
ઇશ્વરના ઓળખાણનો, સારો સાધ્યો લાગ. ૭૯
મનુષ્ય જન્મ તે શાસ્ત્રમા, નૌકા રૂપ ગણાય;
દુનિયા દરિયા રૂપ તે, એથી તરી ઉતરાય. ૮૦
પ્રાત.કાળે પાચમાં, ઉઠવાનો કરી નીમ;
નિદ્રા લીધી રાત્રીએ, એક જને એક દીન ૮૧
નિદ્રામાં ઘેરાઇને, ઉઠ્યો આઠ દશ માંય;
નિશ્ચય યાદ આવ્યા થકી, રોવા બેઠો ત્યાંય. ૮૨
એવામા આવી ઉભા, જ્ઞાની ને ગુણવાન;
સંન્યાસી સારા ઘણા, ઇશ્વર ઉપર ધ્યાન. ૮૩
નિરાશ નરને જોઇને, પૂછ્યું કેમ ઉદાસ,
ઉત્તર તેણે આપીયો, ના ઉઠાયું આજ. ૮૪

કામ ઘણું બગડી ગયું, સાચું કહું મહારાજ;
મોડા ઉઠાયા થકી, થઈ ગયો નારાજ. ૮૫
મહાપુરૂષ વાણી વદે, સાભળ આપુ શીખ,
" જાગ્યા ત્યારે જાણવું, સવાર એજ ખચીત. ૮૬
વીતી ગયેલા વખતનો, તજી હર્ષ ને શોક;
ભવિષ્યને ભૂલી જઇ, કામ કરે જો લોક. ૮૭
તો ઇચ્છિત ફળ મેળવી, સુખી થાય સંસાર,
વર્તમાન ઉપયોગ તે, છે ચઢતીનુ દ્વાર." ૮૮
શીખામણુ સ્વામી તણી, જે જે ધરશે ધ્યાન,
તે તે નર સુખ પામશે, શાસ્ત્રે કર્યું નિદાન. ૮૯
આ શિખામણુ આપણે, ગ્રહણુ કરી દિન રાત;
ઉધમ આદરવો ખરો, ભૂલી ભૂતની વાત. ૯૦
આ નિશ્ચય દઢ થાય તો, મોક્ષ માર્ગ નથી દૂર,
નર નીકળ્યો નેપોલીયન, પુરૂષાર્થે ભરપૂર. ૯૧
આ દુનિયામા છે નહિ, અશકયપણાનુ કામ,
માટે તેના ગ્રથમા, નહિ નીકળે નામ. ૯૨
ભગીરથ રાજાએ કર્યો, પૂર્વે યત્ન વિશેષ,
ભાગીરથીને લાવીયો, જ્યાં પોતાનો દેશ. ૯૩
આ આદિ બીજા બહુ, ઉધમનાં દષ્ટાંત,
ગ્રથોમા મોજુદ છે, જોતાં ભાગે ભ્રાત. ૯૪
પુરૂષારથ પરતાપથી, કઇ લોક કગાલ,
મોટા હોદ્દા પર ચઢયા, જોવા જેવો તાલ. ૯૫
ઉધમ, ઉધમ, ઉધમ વળી, ઉધમ અધિક ગણાય;
ઉધમને માને નહિ, તે જન ગોથાં ખાય. ૯૬

વર્ણાશ્રમના ધર્મને, અનુસરતો ઉદ્યોગ;
કર્ી પુરૂષારથ સાધવા, જાતો રહેશે જોગ. ૯૭
જેમાં જેને પ્રીતિ તે, તેને માને શ્રેષ્ઠ;
પણ બીજા પુરૂષારથો, આત્મ જ્ઞાનથી હેઠ. ૯૮
ધર્મ, અર્થ ને કામ એ મદદ તણા દેનાર;
ગૌણ ગણ્યા એ કારણે, પુરૂષાર્થો નિરધાર. ૯૯
મુખ્ય પુરૂષારથ મોક્ષ છે. તે મેળવવા કાજ;
આ દુનિયામા અવતર્યા, એ છે સાચી વાત. ૧૦૦
'જ્ઞાન વિના નહિ મોક્ષએ, શાસ્ત્ર તણી છે શીખ;
માટે સદ્‌ગુરૂ સેવીને, લેવી એ આશીષ. ૧૦૧
કર્મ અને ઉપાસના, સાથે ત્રીજું જ્ઞાન;
વેદે વિભાગ પાડીને, ખેંચ્યુ સૌનું ધ્યાન. ૧૦૨
કર્મ થકી ઉપાસના, એથી ઊંચું જ્ઞાન,
ક્રમ પૂર્વક આગળ જવું, ભૂલ નહિ એ ભાન. ૧૦૩
ઇશ્વર તણી ઉપાસના, એ ભક્તિ કહેવાય;
શુદ્ધ ભાવથી જો બને, તો ધારેલુ થાય. ૧૦૪
એ સાધનથી ઉતરી, ભક્ત ઘણા ભવપાર;
અમર નામ આ વિશ્વમા, મૂકી ગયા નિરધાર. ૧૦૫
કળીયુગમા કહે છે બધા, ભક્તિ શ્રેષ્ટ ગણાય,
બીજાં સાધન એ વિના, અધવચ મૂકી જાય ૧૦૬

શ્રી જગદ્‌ગુરૂ શ્રીમચ્છંકરાચાર્યજી કહે છે કે:-

कुरुते गंगासागरगमनं व्रतपरिपालनमथवा दानं ।
ज्ञानविहीने सर्वमनेन मुक्तिर्नभवति जन्मशतेन ॥

કર્મકાંડીઓ કર્મને, આપે છે બહુ માન;
એ વિના આગળ વધે, મળે નહિ કાંઇ જ્ઞાન. ૧૦૭
આપ તણા અધિકારનો, કરીને યોગ્ય વિચાર,
કર્મ જ્ઞાન ઉપાસના, તેનો લેવો સાર. ૧૦૮
ઇશ્વરની ઇચ્છા થકી, પૂર્ણ થયુ આ કામ,
બુદ્ધિબળ કાંઇ નથી, નિમિત માત્ર મુજ નામ. ૧ ૯

શ્રી વિચારમાળા સંપૂર્ણમ.

દોહરા.

કવિત્વ શક્તિ છે નહિ, તેમ નથી કાંઇ જ્ઞાન,
છતાં કવિતા હું કરૂં, ક્યાંથી પામુ માન. ૧
ગુણીયલ જ્ઞાની આપને, જો લાગે કાંઇ ભૂલ;
પત્ર થકી દર્શાવશો, તો ઉપકાર અતૂલ. ૨
નથી લખ્યો આ લેખ મેં, જ્ઞાન બતાવા કાજ,
કે કવિતા સારી કરૂ, એવું સમજી આજ. ૩
કવિત્વ શક્તિ જ્ઞાન એ, નથી વાત મુજ મુખ્ય,
પ્રીતિ પૂર્ણ બતાવવી, એ છે મોટું લક્ષ. ૪
સ્નેહીને હુ શું લખું ? એવા થાય વિચાર;
નિશ્ચય પર આવી જતાં, કહાડ્યા ઉભરા બ્હાર. ૫
વિચારમાળા ગુંથીને, અર્પી આપ હજુર;
સ્વિકારશો શાણા તમે, દોષ કરી સૌ દૂર. ૬

નદી કિનારે જઇ અને, ઝાડ નીચે કરી વાસ;
માળાની કરી ગુંથણી, મોકલવાને ખાસ. ૭
એક વતન નથી આપણું, રહ્યા નથી એક વાસ,
ઉમ્મર પણ સરખી નથી, નથી કર્યો અભ્યાસ. ૮
જ્ઞાન નથી સરખુ છતા, એક એક પર પ્રેમ,
દિન દિન પર વધતો ગયો, બન્યુ કહો એ કેમ ? ૯
એક બીજાની વાતથી, સાભળી સર્વ વિચાર,
પ્રેમ પત્રિકા પાઠવી, અન્સ્પરસ બહુ વાર ૧૦
જેમ જેમ પત્રો મળ્યા, વધ્યો તેમ વધુ પ્રેમ;
જુદાં સ્થૂળ જણાય પણ, જીવ એક હોય જેમ. ૧૧
એ કારણથી આપણો, અરસ પરસ વ્યવહાર,
દિન દિન વૃદ્ધિ પામતો, કરજો ખૂબ વિચાર ૧૨
મારા પર મમતા ઘણી, દર્શાવી બહુ વાર,
પત્ર પાઠવ્યા પ્રીતથી, એ મોટો ઉપકાર. ૧૩
સન્યાસી સારા મળ્યા, આ અરસામા એક,
વિચાર સઘળા વાંચીને, મળતા આવ્યા છેક. ૧૪
દરેક દુહે શાસ્ત્રનાં, દર્શાવી દષ્ટાત,
અધિક આધક મન ખૂશ થઇ, ભાગી મનની ભ્રાંત. ૧૫
યાદ કરી અહીં આપને, સ્વામી પાસ જરૂર,
માગી લીધુ એટલુ, હાલ ખસો નહિ દૂર ૧૬
સ્વામી શાન્ત સ્વભાવના, જ્ઞાની ગુણ ભંડાર,
અનુભવી અદકા અ..., ...ે શાસ્ત્ર વિચાર. ૧૭
આવા આવા સ્વામીઓ મળે કદી કોઇવાર;
તન, મન, ધનથી સેવીને, શોધી લેવો સાર. ૧૮

પુજ્ય પિતા જે આપના, નામે અદીતરામ;
દિનતાથી દોલત કરે, પ્રેમે નમ્ર પ્રણામ. ૧૯
બંધુ એને બહુ કરી, આપુછું આશીષ;
દીર્ઘાયુષ રાખી સદા, સુખી રાખો જગદીશ. ૨૦
મળવા મરજી છે ઘણી, તો આવીશ પ્રાંતીજ;
પૂર્ણીમા વિત્યા પછી, જરૂર બીજ કે ત્રીજ. ૨૧
પડયા પ્રવૃત્તિમાં તમે, દૂર કરી મન દોષ;
મન ઇચ્છિત એથી થતાં, મળશે બહુ સંતોષ. ૨૨
બુદ્ધિ બળ વિદ્યા વધુ, વળી ઉચો અધિકાર;
સુખ, સંપત્ત ને સતંતિ, આપો જગદાધાર. ૨૩
દોલત દિલ શુધ રાખીને, કરે પ્રાર્થના આજ;
[1]સત્તાધિન સ્વીકારશો, ના કરશો નારાજ. ૨૪
પવિત્ર પત્ની આપની, તેને દઉ આશીષ,
જન્મ મરણને ટાળવા, ઉત્તમ આપુ શીખ. ૨૫
એ શિખામણ ઉર ધરી, ચાલે આ સસાર,
જરૂર તેણે જાણવું, તરી ઉતરી પાર. ૨૬
સ્વામીની સેવા થકી, લે પૂરી આશીષ;
સુખ, સંપત ને સંતતિ, તો આપે જગદીશ. ૨૭
પૂર્વે પ્રમદાઓ ઘણી, પતિ પર રાખી પ્યાર,
દુઃખ સહન કીધું છતાં, ધર્મ ન તજી લગાર. ૨૮
એવી સન્નારી તણાં, લેવાને દૃષ્ટાંત;
પુસ્તક સારાં વાંચવાં, મન રાખીને શાંત. ૨૯

---

૧ પરમેશ્વર.

યોગી એક અરણ્યમાં, ઝાડ નીચે કરી વાસ;
ઇશ્વર આરાધન કરે, હતું નહિ કોઇ પાસ. ૩૦
વનફળ ખાઇ વનમાં રહે, સહે ટાઢને તાપ;
સુખ દુઃખને સરખાં ગણે, થાય નહિ પરિતાપ. ૩૧
યોગ કળામાં કુશળ તે, જ્ઞાની ગુણ ભંડાર;
સિદ્ધિ સારી મેળવી, આનંદ કરે અપાર. ૩૨
એક દિને એવું બન્યું, યોગી ધરતા ધ્યાન;
પક્ષી બે આવી ચઢયાં, ફરવા માંડયું ગાન. ૩૩
નર માદાની જોડ એ, સાથે રહે સદાય;
અરસપરસ આનંદમાં, બેસી સુખીયાં થાય. ૩૪
એવામાં ઉપર પડયાં, ઝાડ ઉપરથી પાન,
દ્રષ્ટિ ઉંચી નાંખી તો, થયુ પક્ષીનુ ભાન. ૩૫
જોતામાં નીચે પડયા, ગયા પ્રભુને શર્ણ;
ક્રોધ રૂપી અગ્નિ થકી, થયુ પક્ષીનુ મર્ણ. ૩૬
ત્યાર પછી યોગી ગયા, ભિક્ષા કાજ જરૂર,
બ્રાહ્મણ કેરે બારણે, ગામ હતું નહિ દૂર. ૩૭
નારાયણનુ નામ લઇ, માગી ભિક્ષા ત્યાય,
સ્ત્રી સ્વામી સેવા કરે, પોતાના ઘર માંહ્ય. ૩૮
ઘડી એક ઉભા રહો, હુ આવું નિરધાર;
સ્વામી સેવાની પછી, ભિક્ષાની નથી વાર. ૩૯
યોગી ક્રોધ કરી ઘણો, જવા થયા તૈયાર;
સ્ત્રી ત્યાં બોલી એટલું, પતિવ્રત્તા છુ નાર. ૪૦
જંગલમાં બાળી તમે, નર માદાની જોડ;
મને ન તેવી ધારશો, મારામાં નથી ખોડ. ૪૧

સ્ત્રીને પૂછ્યું યોગીએ, શાથી જાણી વાત;
જંગલમાં હું એકલો, રહું દિવસને રાત. ૪૨
નમ્ર વચનથી ઉચરી, પતિવ્રતા તે નાર,
સ્વામીની સેવા થકી, સમજી સઘળો સાર. ૪૩
યોગી સમજ્યા ઉરમાં, ફરજ બજાવું બેશ;
અંતઃકરણ શુદ્ધિ વિના, સુખ ના પામું લેશ. ૪૪
યોગી કરતાં અહીં ચઢી, પતિવ્રતા શુભ નાર;
માટે સ્વામી સેવવા, રાખી પૂરણ પ્યાર. ૪૫
આપું બીજો દાખલો, જેવા તેનો સાર;
બાળક મૂક્યું અગ્નિમાં, તજ્યો નહિ ભરથાર. ૪૬
નગર વિષે શું શું બને, તે જોવાને કાજ;
વેશ પાલટી નીકળે, રોજ રોજ મહારાજ. ૪૭
ધારા ભૂપતિ ભોજ એ, વિદ્યા ગુણ ભંડાર;
ગયા એકદિન રાત્રિએ, બ્રાહ્મણ કેરે દ્વાર. ૪૮
જાળીમાં જોતાં દીઠો, બ્રાહ્મણ નિદ્રા માંય;
માથું ખોળામા મૂકી, સ્ત્રી બેઠીછે ત્યાંય. ૪૯
એવામાં બાળક ગયુ, ખશી અગ્નિની પાસ;
ગબડીને તેમાં પડે, જરૂર થાયે નાશ. ૫૦
બચાવવાને બાળને, જો તે ઉઠી જાય;
સ્વામીનુ શિર હાલતાં, જાગૃત તે ત્યા થાય. ૫૧
બાળકની ચિંતા થકી, મનમાં કરી વિચાર;
વિનતી અગ્નિ દેવને, કરવા થઇ તૈયાર. ૫૨
સ્વામી સેવામાં કદિ, નથી કરી મેં ચૂક;
પરપુરૂષ પેખ્યો નથી, સ્વપ્નામાંહિ અચૂક. ૫૩

જો હું સાચી હોઉંતો, જીવતો રાખો પુત્ર;
" પતિ પરમેશ્વર રૂપછે, " નથી ભૂલી એ સૂત્ર. ૫૪
સ્વીકારીને પ્રાર્થના, જીવતો રાખ્યો બાળ;
અગ્નિ માંહ્ય પડયા છતાં, બહુ લીધી સંભાળ. ૫૫
ભોજ રાજ આ જોઇને, મનમાં થઇ પ્રસન્ન;
સતિ તને શાબાશ છે, બોલ્યા એમ વચન. ૫૬
ગળા મહીંથી કાઢીને, આપે હાર અમૂલ્ય;
સ્ત્રી કહે હું શું કરૂં ? નહિ સ્વામીની તુલ્ય. ૫૭
ઉત્તમ ધન મુજ સ્વામી છે, સેવા કરૂં દિનરાત;
સાક્ષી અગ્નિ દેવ છે, સાચી કહુંછું વાત. ૫૮
સ્વામીની સેવા વિના, સ્ત્રીનું નથી કલ્યાણ;
સમજું સારી રીતથી, ભોજ ભૂપ ગુણવાન. ૫૯
ધરાપતિ ધીરજ ધરી, ત્યાંથી નીકળી બ્હાર;
ગયા ઘેર પોતા તણે, કરતા ખૂબ વિચાર. ૬૦
ગુણુ ઘણા ગ્રંથો મહી, લખી ગયા વિદ્વાન;
પતિવ્રતા નારી તણા, ધરવું તેનું ધ્યાન. ૬૧
ધ્યાન ધરી તેનું સદા, કરવાં તેવાં કામ;
પ્રાતઃકાળે ઉઠતાં, લેવાં સતિનાં નામ. ૬૨
ઘર રૂપી આ રાજ્યનો, પ્રમદા પ્રવીણ પ્રધાન;
વિવેક વનિતા વાપરે, ચાલે રાજ્ય નિદાન. ૬૩
માટે સમજી ઉરમાં, રહેવાને સંસાર;
સદ્‌ગુણીએ સર્વદા, પતિપર ધરવો પ્યાર. ૬૪
સુખી થઇ સંસારમાં, જાય પ્રભુની પાસ;
ઉત્તમ પદ એને મળે, શાસ્ત્ર અનુભવ ખાસ. ૬૫

પ્રિય બન્ધુ ! હવે વિરમવા આજ્ઞા માગું છું. આપનાથી કાંઇ અજ્ઞાત તો નથીજ; પણ યથામતિ જે કાંઇ મેં ગદ્યપદ્યમાં હૃદયોદ્ગાર ક્‌હાડયા છે તે વાંચી વિચારી કૃતાર્થ કરશો.

આપના સરવે મિત્રોને તેમજ કુટુંબમાં પણ સરવેને મારા તરફથી નૂતન વર્ષનું યથોચિત અભિવન્દન કેહેશો. અત્રસ્થ સર્વ મિત્રોએ આપને સપ્રેમ યથાઘટીત લખાવ્યા છે.

અત્ર કુશળતા. તત્રાસ્તુ

અખિન્ન નૂતન વર્ષ આપને સહકુટુંબ આનંદમય અને સુખદાયી થાઓઃ **तथास्तु** ।

इति शिवम् ॥

हरिः ॐ शांतिः शांतिः शांतिः ॥

सर्वे जनाः सुखिनो भवन्तु ॥

મુ. કપડવણજ.
સંવત ૧૯૫૯ ના કાર્તિક સુદ ૧
ને શનિવાર.

લી. આપનો
સ્નેહાધિન દર્શનોત્સુક,
દોલતરામ નરસિંહરામ ભટ્ટ.
આસી. માસ્તર મુખ્ય સ્કૂલ.
કપડવણજ.



ગતવર્ષના અધિક માસમાં જ્યારે હું રાજપીપળા સ્ટેટમાં આવેલા નાવરા ગામે મારા પિતાજી પાસે હતો ત્યારે ત્યાં શુદ્ધ સાત્વિક પ્રેમાવેશમાં ઉક્ત સુહૃદે પ્રથમ લખેલો પત્ર.

પ્રથમ પત્ર.

હરિગીત છંદ.

સન્મિત્ર મારા સ્નેહથી, આ પત્રને સ્વીકારશો;
રાખી હૃદયમાં પૂર્ણ પ્રીતિ, પત્ર દર્શન આપશો;
સ્વસ્થાનમાં મળવા તણી, ઇચ્છા ઘણી છે આપની,
આવી શકું નહિ એજ જાણું, વાત મુજ દુર્ભાગ્યની. ૧
નિર્મળ નદીના નીરથી, બહુ ચિત્ત શુદ્ધિ થાય છે,
સત્સંગના મળવા થકી, વળી મલીનતા સૌ જાય છે;
સાત્વિક વાતાવરણથી, શુભ વૃત્તિઓ પોષાય છે,
એ વાતથી હું જ્ઞાત તેથી, ચિત્ત તમને ચ્હાય છે. ૨
મલિન વાતાવરણથી, અહિં ચિત્ત ચંચળ થાય છે,
ઉપાધિઓ આવી પડે, વૈરાગ્યમા મન જાય છે;
તો પણ વિચારો બહુ કરી, હુ હાલ મનને મારીને,
કર્ત્તવ્યમાં જોડાઉંછું, શુભ ફરજ મારી ધારીને. ૩
શાસ્ત્રો તણી ને સંત જનની, શીખ ઉરમાં આણીને,
સમજી ગયો હું સાનમાં, કર્ત્તવ્યમાં મારૂં જાણીને;
અધિકારી જાણી આપને હું વાત અનુભવની કરૂં,
તે યોગ્ય લાગે ગ્રહણ કરશો, પ્રાર્થનાએ ઉચરૂં. ૪

[1]સાધન ચતુષ્ટય મેળવી, અધિકારી ઉત્તમ થઈ જવું,
પછી યોગ્ય [2]અવસર આવતાં, [3]શુભ જ્ઞાન મેળવવું નવું;
સાધન વિનાના સાધુ તે, નહિ [4]કામના પૂરી કરે,
અટવાઇ આ સંસારમાં, પસ્તાઇને પોતે મરે. ૫
ઉન્નતિનો ક્રમ આ, અધિકારી માટે જાણવો,
વાંચી વિચારી ગ્રંથને, અનુભવ હૃદયમાં આણવો;
ક્રમ છોડીને પગલાં ભરેથી, વાત વિપરીત થાય છે;
ખત્તા ઘણા ખાતાં છતાં, પણ વ્યર્થ જીવતર જાય છે. ૬
[5]આ મન થકી સસાર છે, ને મન થકી વૈરાગ્ય છે,
મન સુધરે સદ્ભાગ્ય છે, નહિતો ખરે દુર્ભાગ્ય છે;
મનને જીતેલો તેજ આ, જગને જીતેલો જાણવો,
સંસારી કે સાધુ હશે, પણ યોગી ઉરમાં આણવો. ૭
[6]વાસનાનો ક્ષય કરે, મન જીતવું એ રહેલ છે,
તત્ત્વનો નિશ્ચય એની, સાથમાં નિર્મલ છે;
"**जीवनमुक्तिविवेक**" નામે, ગ્રંથમાં એ જ્ઞાન છે,
અનુભવ કરે સમજાય એવું, શાસ્ત્રનુ વિધાન છે. ૮
પ્રિય ચતુર શાણા છો તમે, સાધક ભૂમિકા ઉચ્ચના,

૧વિવેક, વૈરાગ્ય, શમદમાદિ ષટ્ સંપત્તિ અને મુમુક્ષતા. ૨ પરિપક્વ દશા થતાં. ૩ આત્મજ્ઞાન મેળવવું. ૪ મોક્ષ અગર આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે નહિ.

૫मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ॥

૬વાસનાનો ક્ષય, મનનો જય, અને તત્વનો નિશ્ચય એ ત્રણ જીવન મુક્તિનાં સાધન.

સાગર સમીપ તમ આગળે, મારા વિચારો તુચ્છ આ;
તો પણ લખ્યો મેં લેખ આતે, પૂર્ણ પ્રેમ બતાવવા,
વાંચી વિચારી ભૂલ ભાખો, જ્ઞાન ઝાઝું પામવા. ૯
માતા પિતા જે પૂજ્ય તેને, દેવ સરીખાં જાણવાં,
ગણના કરીને ગુણુની, સેવા કરી સંતોષવાં;
[1]સહચારિણી જે ધર્મની, એના વડે સંસાર છે,
સંતોષવી એને સદા એ, દેવીનો અવતાર છે. ૧૦
શંકર તમારા સ્નેહી, તેને પ્રેમથી પ્રણામ છે,
પત્રદ્વારા ખબર કરજો, હાલ કયાં મુકામ છે;
હોયે સમીપે આપની તો, પત્ર આ વંચાવજો,
વિચાર સઘળા જાણી લઇને, વૃત્તિ પાછી વાળશો. ૧૧
આદિત સમા તેજસ્વી પિતા, પૂજ્ય આદિત્યરામ છે,
તેમને દિન વણીથી દોલત તણા પ્રણામ છે,
સંસ્કારી શુભ માતા પિતાના, પુત્ર બે સસ્કારી હો;
વિદ્યા ભણાવી વ્હાલથી, માટે તમે આભારી છો. ૧૨
પ્રાણાત્મ બધુ પ્રાણને તો, પત્રથી દર્શાવશો,
દોલત કરે છે યાદ મારે, પત્રદર્શન આપશો;
ટૂંકા સમયમાં તર્ક કીધો, જ્ઞાનીને ગુણવાન છે.
ઉમ્મર ઘણી નાની છતાં, સંપૂર્ણ ધીરજવાન છે. ૧૩
બહુ પ્રેમ દેખું આપનો, પણ ગામ દૂર પડયું ઘણું,
તેથી જરા દિલગીર થઇ, વિચાર મન સાથે કરૂં;
મળવા થકી વધતો નથી, તેમ ના મળે ઘટતો નથી,
જે પ્રેમ રૂપ પ્રવાહ છે, તે મન થકી ખસતો નથી. ૧૪

---

[1] यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ॥ मनुस्मृति.

ઇશ્વર તણી ઇચ્છા થકી, વળી જોગ જ્યારે આવશે,
વિચાર ત્યારે આવવા, દોલત દિલમાં લાવશે;
પિતાતણો છે પ્રેમ એવું, પત્રથી સમજાય છે,
તેથી કરીને અધિક ઇચ્છા, આવવાની થાય છે. ૧૫
હરિગીત પંદર પૂર્ણ કીધા, અધિક પૂર્ણિમા દિને,
કર્તવ્ય આ પુરૂં કરેથી, હૃદય પ્રેમે ઉછળે;
પૂર્વે હશે કંઇ પ્રેમ તેથી, દિન દિન પ્રત્યે વધતો ગયો,
શુદ્ધ સાત્વિક પ્રેમ દેખી, પ્રેમને વશ હું થયો. ૧૬

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

મુ. કપડવણજ. લી. તમારો દર્શનોત્સુક સ્નેહી,
તા. ૨૯-૬-૧૨ શનિવાર. દોલતરામ.

---

*॥ ॐ श्री ॥

ॐ तत्सत्परमात्मने नमः ॥

નાવરા, પોષ્ટ ઉમલ્લા;
સ્ટેટ રાજપીપલા—અંકલેશ્વર થઇને.
તા. ૧૫ મી જુલાઇ સને ૧૯૧૨.

અનેક સદ્ગુણાલંકૃત પ્રાણાત્મસ્વરૂપ મુરબ્બી બન્ધુ **શ્રીયુત્** **દોલતરામભાઇ**ની પરમ પવિત્ર સેવા પ્રત્યેઃ—મુ કપડવણજ.

* ઉપરના તા. ૨૯-૬-૧૨ પત્રનો યથામતિ લખેલો પ્રત્યુત્તર.

વિ. કે આપનો તા. ૨૯-૬-૧૨ નો પ્રેમ પત્ર પુનઃ પુનઃ વાંચી પરમ આનંદ અનુભવું છું. આપ સર્વદા સર્વથા મારા કરતાં શ્રેષ્ઠ-જ છો. વિદ્વતામાં કોઇપણ રીતે આપ ન્યુન નથી. કદાચ મેં એક બે વર્ષ વધુ અભ્યાસ કરવામાં-પરભાષા શિખવામાં ગાળ્યાં હશે, તેથી કાંઇ એમ સાબીત થઇ ન શકે કે આપના કરતાં હું કોઇપણ રીતે વધુ જ્ઞાન ધરાવી ઉત્તમ અધિકારી થઇ શકું. આપનો અનુભવ અમાપ છે, અને તે અનુભવ જ્ઞાને આપને એવા તો નિર્મળ નિર્માની બનાવી દીધા છે કે એક તૃણ સમાન-અલ્પજ્ઞ-કોઇપણ વ્યક્તિને માનભરી દષ્ટિથી અવલોકી હંસવૃત્તિએ તેનુ ક્ષીરપાન તત્ક્ષણ કરી અપ્ અલક્ષ્ય કરવામાં વિલંબ કરતા નથી. આપના કાવ્યમાં કોઇ-પણ દોષ હોય તે દર્શાવવા આપે જણાવ્યું, પરંતુ શુદ્ધ પ્રેમાવેશે દોરાઇ જે હૃદયોદ્ગાર પ્રવાહ સતત્ સર્યો છે તેમા યત્કિંચિત્ પણ દોષ જોવો તે મારી મતિ અને શક્તિની બહાર છે એમ લખવામાં અતિશયોક્તિ ભાગ્યેજ હશે.

વહાલા બન્ધુ ! આપનું લખાણ યથાર્થ છે, અને તે માટે હું આપનો ભારે આભારી છું આશા છે કે એ પ્રમાણે શ્રમ લેઇ પત્ર દ્વારા તત્વજ્ઞાનોપદેશ દેઇ કૃતકૃત્ય કરશોજી. જેવી રીતે **શ્રી રામાયણ** તત્વ માટે એકજ ***શ્લોક** બસ છે અને તેમાં અખીલ **મહારામાયણ**નો માર આવી જાય છે તેજ પ્રમાણે આપના કાવ્ય પત્રમા સર્વોપનિષદ્ વેદાન્તાદિનો સાર યથાર્થ આવીજ જાય છે તે નિર્વિવાદ છે, અને તેથી પિષ્ટ-પેષણાર્થે યાતો આડંબરાર્થે કાંઇપણ

---

* **आदौ रामतपोवनादिगमनं०** વગેરે. આખો શ્લોક આપને જ્ઞાત હશે તેથી અત્રે લખતો નથી.

હવે તત્સંબંધે મારે લખવું એ જો કે અનુચિત તો છેજ કારણ કે પૂર્ણતાને પામેલાને (જ્ઞાનીને) કાંઇ વિશેષ જાણવાનું હોતું નથી તોપણ શુદ્ધ પ્રેમવશ થઇ અલ્પમત્યનુસાર યત્કિંચિત્ આપની પવિત્ર દૃષ્ટિ સમક્ષ્ય કાંઇ દશ્ય મૂકું તો માનું છું કે અ-સ્થાને તો નહિજ થાય.

ઓ પવિત્ર બન્ધુ ! આપનાજ કાવ્યના અંતપદમાં આપે જણાવ્યું છે કે—

" શુદ્ધ સાત્વિક પ્રેમ દેખી પ્રેમને વશ હું થયો. "

એ ચરણ એ સ્થળે આ લેખકને સંબોધી લખાયુ છે, પરંતુ મારે આગળ વધી જણાવવું જોઇએ કે સર્વત્ર એજ એક નિયમ છે કે જે શુદ્ધ સાત્વિક પ્રેમ પ્રવાહ આપના હૃદેશમાં સતત્ વહન કરી રહેલો છે અને જેને આપ સર્વત્ર શુદ્ધ દૃષ્ટિએ દેખો છો તે આઘાત પ્રત્યાઘાત નિરંતર એક સરખાજ ઉત્પન્ન કરે છે. એ-જ પ્રેમ આત્મોત્કર્ષની જીવનકલા છે, જેને અનન્ય-અદ્વૈત-એ ઉપ-માઓ-વિશેષણ આપવામાં કોઇ રીતે અતિશયોક્તિ થતી નથી; અને તે વડેજ પરમાત્મપદને પહોચાય છે, કારણ કે એક વિદ્વાને કહ્યું છે કે —"વાહાલો પ્રેમને તે વશ થયા રાજી રે" તો પછી એ પ્રેમને વશ હું યા આપ થઇએ એમાં શી નવાઇ ? એ પ્રેમ એક પદમાં કહ્યું છે તેમ વાટે ઘાટે કે દોશીડાની હાટે વેચાતો મળતો નથી; પરંતુ આપોઆપ પોતાનાં શુદ્ધ પવિત્ર બીજ અગોચર નાખ્યા ઉચિતકાળે ઉદ્દભવે છે. વર્ષાકાળમાં વૃષ્ટિ પ્રસાદ મળે પૃથ્વીપરનાં અનેક અગો-ચર સુક્ષ્મ બી પોતાની મેળે ઉગીજ નીકળે છે, તે પ્રમાણે તે પ્રેમ પણ પોતાનાં શુક્ષ્મ બી મિત્ર હૃદેશે ક્યારનાંએ નખાઇ ગયેલાં હોઇ પ્રાપ્ત કાળે સ્ફુરાયમાન થાય છે, અને સ્ફુરિત થયેલાં અંકુર વૃદ્ધિ

પામી સુવિકાસિત થાય છે કારણ કે તે તેની ગતિ નૈસર્ગિક છે. રાજર્ષિ મહાત્મા શ્રી ભર્તૃહરિએ પણ *સજ્જન મૈત્રીને દિવસના પાછલા પ્રહરની છાયાની સાથે સરખાવી છે; જેમકે દિવસના પાછલા પ્રહરની છાયા શરૂઆતમા ટુંકી અને પછી ધીમે ધીમે વૃદ્ધિને પામી અંતે ઘણી લાંબી થાય છે, તેમ સજ્જનની મૈત્રી પણ શરૂઆતમાં ટુંકી અને ક્રમશઃ વૃદ્ધિને પામી ગાઢ પ્રીતિની ગ્રંથીમાં ગુંથાઇ જાય છે. આપ એક સજ્જન પુરૂષ છો અને તેથીજ આપની શુદ્ધ મૈત્રી દિન પ્રતિદિન વૃદ્ધિંગત થાય એ સ્વાભાવિક છે આપ જેવા સુજ્ઞ જ્ઞાની વિદ્વાન્ નિર્માની મિત્ર મને મળ્યા તેથી હું મને બહુ અહોભાગ્ય અને કૃતકૃત્ય માનુ છું. શ્રીમદ્જગદ્ગુરૂ **શ્રીશંકરાચાર્યજીએ** કહ્યુ છે કે "**क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका**" ॥ તો પછી આપ જેવા સજ્જનની એક ક્ષણને બદલે જીદગી પર્યંત સંગતિ (સોબત) રહે તો પછી દુઃખ ક્યાં ! બન્ધુ "**મિત્ર**" એ શબ્દજ પોતે એક અમુલ્ય રત્ન છે; તે શબ્દોત્પાદક કોઈ મહાસમર્થ જ્ઞાની હોવો જોઇએ, એ નિર્વિવાદ છે. જે કાંઇ ગોપ્યમાં ગોપ્ય હોય તે માત્ર મિત્ર પાસેજ ખુલ્લુ-સ્પષ્ટ રીતે મૂકાય છે. તો પછી એ મિત્રની મહતા કેટલી સમજવી ? હિતોપદેશમાં એક સ્થળે લખ્યું છે કે—

शोकारातिभयत्राणं प्रीतिविश्रंभभाजनम् ।
केन रत्नमिदं सृष्टं मित्रमित्यक्षरद्वयम् ॥

---

*आरंभगुर्वी क्षयिणी क्रमेण लघ्वी पुरा वृद्धिमती चपश्चात्।
दिनस्य पूर्वार्धपरार्धभिन्ना छायेव मैत्री खलसज्जनानाम् ॥
(भर्तृहरिनीतिशतक०)

અર્થ—શોક, દુઃખ ને ભયથી તારનાર (રક્ષણ કરનાર) છે અને પ્રીતિ અને વિશ્રંભનું રથન છે એવું મિત્ર નામનું બે અક્ષરનું રત્ન કોણે ઉત્પન્ન કર્યું ? અર્થાત્ કોઇ મહા સમર્થ પુરૂષેજ. તો હે બન્ધુ ! આપણે હવે એ રત્ન ગ્રંથીમાં ગુંથાઈ કોઈ પણ જાતનો શોક કરવો વૃથા છે.

આપનું લખવું યથાર્થજ છે કે **મનઃ** એજ સર્વ બંધ અથવા મોક્ષનું કારણ છે. તો પછી મન જીતી હર્ષ શોકાતિત થઇ જવા સર્વથા સતત્ પ્રયત્ન કર્યાં જવો. ફળ દષ્ટા થવાનુજ નથી. કારણ કે કર્તવ્ય કર્મ એજ ધર્મ;-ફળ પ્રતિ ચોખ્ખો અનધિકારઃ એ આપણાં વેદ વેદાન્તાદિક ઉપનિષદો બુમો પાડીને કહે છે; અને તે આપણે સાંભળીએ છીએ, જાણીએ છીએ. પછી જાણે જોઇને કરેલી ભૂલ માટે વધુ શિક્ષા ખમવી પડે છે. માટે તેવો વખત ન આવે એટલા સારૂ સાવચેત રહેવાની જરૂર છે.

કોઇ પણ વસ્તુ પ્રાપ્તિની ઇચ્છા કરતા પહેલાં તે મેળવવાની યોગ્યતાવાળા થવાની જરૂર છે યોગ્યતા આવે વસ્તુ આપોઆપ ઘસડાઇ આવવાનીજ. પછી ઇચ્છાની જરૂર પણ રહેતી નથી માત્ર એકલા પ્રારબ્ધવાદી બની નિષ્કર્મી થવાથી તો તે દૂરને દૂર નાસતી જાય છે કારણ કે *પ્રારબ્ધ તો ઘેલું છે તે માગતાં દૂર રહે છે, અને ન માગતાં દોડતું આવે છે. માટે તેના વિશ્વાસે બેસી રહેવાથી ખત્તા ખવાય છે.

---

*(ગઝલ) અરે પ્રારબ્ધતો ઘેલું, રહેજો દૂર માગેતો,
ન માગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે;
(ગુ. સાતમી ચોપડી.)

श्रीमद्योगवासिष्टમાં એક શ્લોક છે તેમાં કહ્યું છે કેઃ-

विगतमानमदा मुदिताशयाः
शरदुपोढशशाङ्कसमित्विषः ।
प्रकृतसंव्यवहारविहारिण-
स्त्विह सुखं विहरन्ति महाधियः ॥

અર્થ-જેનાં માન અને મદ નાશ થયાં છે અને ઉત્તમ મુદિત આશય છે, તથા શરદ્ ઋતુના પૂર્ણ ચંદ્ર સમાન જેની કાન્તિ-પ્રકાશ-કીર્તિ-પ્રકાશ છે, અને જે સુપ્રકૃત વ્યવહારમા વિહાર કરે છે તે મહા બુદ્ધિશાળી જનો આ લોકમાં સુખથી-આનંદથી જીવન ગાળે છેઃ-

પવિત્ર બન્ધુ ! સુખથી જીવન ગાળવા આપણે પણ માન મદને ત્યાગી મુદિત આશયવાળા થવાનુ છે. સ્વાર્થનેજ પરાર્થ કરવો એ સત્પુરૂષોના અગ્રણીનું લક્ષણ છે **स्वार्थो यस्य परार्थ एव स पुमानेकः सतामग्रणीः ॥** (પ્રકીર્ણ) સ્વાર્થી દુનીઆમાં પરાર્થી થઇ રહેવું એ ખરેખર વિકટ અસિધારાવ્રત છે; પરંતુ તે ક્રમશઃ સાધ્ય થાય છે. જ્યારે અર્જુને **श्री कृष्ण** પરમાત્માને મનના સંબંધમાં કહ્યું કે **चंचलं हि मन. कृष्ण प्रमाथि बलवद्दढम् । तस्य निग्रह मन्ये वायुरेव सुदुष्करम्** (**श्रीमद्भगवद्गीता अ० ६ श्लोक ३४**) અર્થ-હે કૃષ્ણ, મન ખરેખર ચંચળ, ઇન્દ્રિયોને વિહ્વળ કરનાર દૃઢ, અને બળવાનછે, તેને વશ કરવુ તે વાયુને વશ કરવા જેવું અતિ કઠિન હુ માનું છુ, ત્યારે જવાબમાં **श्री कृष्ण** પરમાત્માએ **अभ्यासेनतु कौंतेय वैराग्येणच** કહી અભ્યાસ અને વૈરાગ્યનાં સાધન બતાવ્યાં. તે પ્રમાણે આપણે પણ અભ્યાસ અને વૈરાગ્યથીજ બધું સાધ્ય કરવાનુ છે. માત્ર હાલતો **विषक्रामिन्याये**

જીવન ચલાવવું પણ પડે; પરંતુ નિર્લેપ રેહેવાનું વિસરવું નહિ, અને **इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥ (श्री भ. गीता अ० ५ श्लो. ९)** એ મહત્સુત્રને પણ વિસરવું નહીં માત્ર આપણે આપણા સત્યસ્વરૂપ—બ્રહ્મસ્વરૂપથી ખસવું નહિ. તેમાં નિરંતર રહીએ તો સર્વે કામનાઓ સ્વય પરિપૂર્ણતાને પામશે અને જ્યારે પૂર્ણ બ્રહ્મજ્ઞાની—આત્મજ્ઞાની થઇએ ત્યારેજ કર્મનો નાશ થાય છે. **श्रीमद्भगवद्गीतामां** પણ વખતો વખત અનેક રૂપમાં લખાઇ ચૂક્યું છે કે **सर्वं कर्माखिलं ज्ञाने परिसमाप्यते**–સર્વ કર્મ જ્ઞાનમાંજ લય પામે છે અને જ્ઞાનીનેજ તેથી ઉત્તમ ગણ્યો છે. **श्रीमच्छंकराचार्य जगद्गुरु**એ પણ કહ્યું છે કે—" **आत्मज्ञानी** મનુષ્ય કાઇજ કામ કરતો નથી " ખરેખર આત્મજ્ઞાનીની દૃષ્ટિથી જોતાં આ વાત સાચી લાગે છે. કારણકે એવું કોઇ પણ કાર્ય નથી કે તેને કષ્ટપ્રદ લાગતું હોય. સર્વ કામ તેને રમત ગમત અને મોજ આનંદ રૂપજ લાગે છે. તેને કોઇપણ કામ બંધનરૂપ થતું નથી.

શ્રીયુત્સ્વામી **શ્રી રામતીર્થ** લખે છે કે–" તે (**आत्मज्ञानी**) પરિસ્થિતિનો રાજા બને છે. તે કદી સંતપ્ત થતો નથી. તેના મનથી સર્વે વાત બની ગયેલીજ હોય છે તે ઉદ્વેગ ધરતો નથી. તેને દુ:ખ થતું નથી. તે સદા ધીર ઉલ્લસિત અને કર્મ કરવાની દોડાદોડીથાથી મૂક્ત હોય છે. "

વળી એક વિદેશી અંગ્રેજ કવિ " શેલી " તો આગળ વધીને વિશુદ્ધ આત્માવાળા પુરૂષના સંબધમાં જણાવે છે કે *" વિશુ·

---

*" The man
" Of virtuous soul commands not nor obeys;
" Power, like a desolating Pestilence

હ આત્માવાળો પુરૂષ આજ્ઞા કરતો નથી, તેમ ઉપાડતો પણ નથી; જગતને શુન્ય કરનાર કોઇ સર્વ વ્યાપી રોગની પેઠે **સત્તા** જેને સ્પર્શે છે તેને ભ્રષ્ટ કરી દે છે. **અને** સર્વ બુદ્ધિ, શુદ્ધિ (સદ્ગુણ) મૂક્તિ (સ્વાતંત્ર્ય), અને સદુક્તિ (સત્યોક્તિ), એ સર્વના વિષ જેવું **આજ્ઞાધારણ** માનવીને દાસ કરી દે છે અને આ માનુષી ઘટનાને માત્ર એક ગતિમાન જડયંત્ર જેવું કરી મૂકે છે "

વળી શ્રીયુતસ્વામિજી **વિવેકાનંદજી** પણ લખે છે કે "*છે દાસ અંતે દાસ તે પરતંત્ર મુક્ત નહિ કદા" પરંતુ બન્ધુ, હજી આપણે એ સ્થિતિએ જ્યાં સુધી પહોચ્યા નથી, પહોચવા અધિકારી થયા નથી, ત્યાં સુધી તો મૌનપણે મનોવૃત્તિઓ વશ–શાંન્ત રાખી પ્રકૃત વ્યવહાર કુશળ થવું પડે છે. નહિંતો એક નહિ પરંતુ અનેક દૃષ્ટાંતોથી આપણા જાણવામાં તો સ્પષ્ટ રીતે આવી ગયું છે કે **सेवा धर्मो परम गहनो योगीनामप्यगम्यः ॥** સેવાધર્મ પરમ ગહન છે અને તે યોગીઓને પણ અગમ્ય છે તો પછી આપણે કોણ માત્ર ?

બન્ધુ ! દૈવેચ્છા ખરેખર અતિ પ્રબલ છે મનુષ્ય ધ. રે છે

" Pollutes whotever it touches, and obedience,
" Bane of all genius, virtue, freedom, truth,
" Makes, slaves of men, and of the human frame,
" A mechanized automaton. "

"(Shelley's Queen Mab.)

" *Know, slave is slave, caressed or whipped not free. "

(Swami Vivekanand.)

એક અને થાય છે બીજું. કેમકે **मनसा चिन्तितं कार्यं दैवेनान्यत्र ॥** હાલતો મનના મનોરથ મનમાં ને મનમાંજ લય પમાડવાનો વખત આવ્યો છે. પરંતુ બીજ નાખેલાં કોઇ કાળે પણ યોગ્ય અવસર મળે વૃષ્ટિ-પ્રસાદ પ્રાપ્ત કરી સ્ફુરશેજ એ નિઃસંદેહછે. આ જન્મે નહિંતો પુનર્જન્મેતો સિદ્ધજ છે. જ્યાં સુધી અખિલ ઉપાધિ નાશ પામી શાન્તિથી નિર્વાણ સુખ પ્રાપ્તિ થઇ નથી ત્યાં સુધી પુનર્જન્મ તો છેજ; પરતુ **शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ।** એ ન્યાયે ઉત્તમ સસ્કાર યુક્ત સ્થાનમા વાસ લેઇ પૂર્વજન્મ સસિદ્ધિના યોગે કાર્યક્રિયા સુલભ થઇ પડશે. બન્ધુ ! સાંસારિક દ્વંદ નિરંતર સમાનજ રહે છે. આપણી સ્થૂળ દ્દષ્ટિએ તે અધિક ન્યુન ભાસે છે પરંતુ વસ્તુતઃ તેમ નથી. તે તો ધર્મના કાંટાના બે સમાન પલ્લામાંજ વેહેંચાયલાં છે, એમ સુક્ષ્મ દ્દષ્ટિથી અવલોકન કરતાં સ્પષ્ટ દિસી આવે છે; માટે તજ્જન્ય હર્ષ શોક મિથ્યા છે.

પ્રિય બન્ધુ ! ખરેખર આપણું શાસ્ત્રપૂરાણની સંકલના ઘણીજ ખુબી ભરેલી અને અદ્દભૂત ચમત્કાર વાળી છે. દરેકના માટે રસ્તા મોકળા છે. એક વાતને યા એકજ શ્રેણીને બધાંએ વળગી રહેવાનું હોતું નથી. પ્રથમ વૈરાગ્ય અને તે ઉપરથી ત્યાગના અનેક માર્ગ છે. જેમાનો જેને જે સુલભ તેને તે ગ્રહણ કરવા અધિકાર છે. કેટલીક જગોએ ક્રમશઃ* ત્યાગી થવા વર્ણવેલું છે; જ્યારે કેટલીક જગોએ લખેલુ છે કે " જ્યારે મન ઉઠે ત્યારથીજ

---

* १. ब्रह्मचर्य, २. गृहस्थाश्रम, ३. वानप्रस्थाश्रम અને છેલ્લો संन्यस्ताश्रम [त्यागाश्रम].

ચાલવા માંડવું ' એટલે જ્યારથી સદસતનો વિવેકદિપ પ્રગટ થાય અને **બ્રહ્મ સત્ય જગન્મિથ્યા** એ મહાસુત્રનું યથાર્થ ભાન થાય કે તુરતજ **આત્મ** કલ્યાણાર્થે તેમજ દુનિયાના દુ ખી જીવોના સન્માર્ગનેતા **થવા** માટે ત્યાગ ગ્રહણ કરવો. આવા પ્રસંગે કાંઇ આગળ પાછળનું જોવાનું રહેતું નથી હવે આવી રીતે ત્યાગી **થયેલા** કોઇ કનિષ્ટ વર્ગમાં ન મૂકતા ઉત્તમ વર્ગીયજ ગણાયા છે. પરતુ એકનું જોઇ કે સાંભળી બીજાને તેમ કરવા અધિકાર નથી એ વાત ખરી, માટે પ્રથમ યોગ્યતા મેળવી અધિકારી થવાનું છે જે વખતે **બુદ્ધ** ભગવાને ત્યાગ લીધો તે વખતે તેમણે પોતાના સગાં સહોદરને ઉદ્દેશી કહેલું છે કે —

" ઓ તાત ! પ્રિયા ! ઓ પુત્ર !
ઓ માત ! પ્રજા ! સુખસુત્ર !
મુજ હૃદય પ્રીતિના અંગ તમે સહુ ! અંગ સર્વ છો મારાં !
જન-પશુ-જગના કલ્યાણ યજ્ઞપર હોમું અંગ સહુ મારાં ! "

આ પ્રમાણે બોલી જગના જનપશુનો કલ્યાણ માર્ગ રાત્રીના વખતે પોતાની પ્રિયા તથા પુત્રનો ત્યાગ કરી સ્વીકાર્યો, તો પણ તેમાં તેમને કાંઇ દોષ યા બાધ ન આવતાં તે નિર્વાણપદ—મોક્ષપદને પામ્યા. માટે સહુએ એકજ વાતને વળગી રહેવામાં કલ્યાણ તેમ શ્રેય નથી વળી સહુ સહુના સ્થાને મોટું છે એ વાત આપણે **શ્રી વિવેકાનંદ વિચારમાળા**માં વાંચી છે વળી તે મહાત્મા કહે છે કે " **સત્ય ત્યાગી જીવન કરતાં સત્ય કર્મમય જીવન વિશેષ કઠિનતમ છે,** " એમાં તો કાંઇ પણ પ્રકારનો સંશયજ નથી માટે હું પણ એ સુત્રને માન આપું છું બન્ધુ હવે ટુંકામાં પત્ર સમાપ્ત કરીશ. આપનાથી કંઇ અજાણ્યું તો નથીજ ઉપર જે કામ

મને જેમ જેમ સભળી આવ્યુ તેમ તેમ મે લખ્યુ છે તે કાંઇ મારી વિદ્વતા બતાવવાના હેતુથી નહી પરંતુ સહજ મારી અલ્પમત્યાનુસાર લખ્યુ છે કોઇ દોષ આવ્યો હશે તો તે આપ સુજ્ઞ બન્ધુ અલક્ષ્ય કરી પત્રદ્વારા સુધરાવશો તો મારે ઉપકાર થશે.

પ્રિય આત્મ બન્ધુ શ્રી ડેસર નિવાસી શંકરલાલભાઇ હાલ સાંજ છે. તેમને અધિક માસમા અત્રે આવવા લખ્યુ હતુ. ગૃહ કાર્ય સંબધી કેટલીક અડચણોને લીધે તે આવી શક્યા નથી તેમનો પત્ર હતો હાલ શાન્તિ રાખી કાર્ય પ્રવર્તક છે. તેમને પત્ર લખતા આપના પત્રની હકીકત લખીશ

ભાઈ પ્રાણલાલ હાલ ડાસરેજ છે. તેમને પણ પત્ર લખતાં આપના પત્રના સમાચાર જણાવી આપને પત્ર લખવા લખીશ

આપનો પત્ર મારા પિતાશ્રીએ ખૂબ હર્ષથી વાચ્યો છે તે આપના દર્શનના ઘણા ઉત્સુક છે. આપને અત્રે આવવાની ઘણી ઇન્તેજારી છે એમ આપના પત્રથી સમજાય છે પરંતુ રજા પ્રતિબંધ અડચણ કરે છે તે જાણી દિલગીર છુ હશે પ્રભુ ઇચ્છા પ્રબળ છે. યોગ્ય ફુરસદે પધારવાની કૃપા કરશો તો ઉપકાર થશે આપ પત્રદ્વારા આગળથી જણાવશો જેથી સ્ટેશન પર બંદોબસ્ત રખાય

પરમ સ્નેહી મુરબ્બી શ્રી મોતીલાલભાઇને ઘણા હેતપૂર્વક પ્રણામ કહેશો.

જ્ઞાનોત્તેજક મંડળીના મુરબ્બી વકીલ શ્રી હનગુખભાઇ, વકીલ શ્રી અંબાશંકરભાઇ, વકીલ શ્રી ઝવેરલાલજી તથા પરમ સ્નેહી મુરબ્બી શ્રી ચુનીલાલભાઇ, પરમ સ્નેહી મુરબ્બી માસ્તર સાહેબ શ્રી પ્રેમચદભાઈ, તથા અન્ય સર્વ સ્નેહીઓને ઘણાજ હેત પૂર્વક યથોચિત પ્રણામ કહેશોજી.

પૂજ્યપાદ દયાળુ સ્વામીજીને માનપૂર્વક **ૐ નમો નારાયણાય** સહ દંડવત્ પ્રણામ કહેશોજી.

ચી. બેન શશી (સરસ્વતિ) ને પ્રેમથી શુભાશિષ. ઘરમાં સરવે બન્ધુઓ આદિને યથા ઘટીત.

અત્રેથી મારા પિતાશ્રીએ આપને બહુ પ્રેમ પૂર્વક પ્રણામ લખાવ્યા છે. આ તરફની કામસેવા ફરમાવશોજી. અત્રકુશળતા. તત્રાસ્તુ. હાલ એજ.

લી. સ્નેહાધિન દર્શનોત્સુક,

સેવક,

ચતુરલાલ આદિત્યરામ ભટ્ટના

માનપૂર્વક દંડવત્ પ્રણામ સ્વીકારશોજી.

—:૦:—

(આ પત્રના પ્રત્યુત્તરમાં ઉક્ત સુહ્રદે તુરતજ એક પત્ર લખેલો તેમાંનો કેટલોક ભાગ આ નીચે આપવામાં આવ્યો છે.)

" ૐ શ્રી '

ૐ तत्सत्परमात्मने नमः ।

કપડવણજ તા. ૨૨-૭-૧૨

પ્રિય પ્રાણાત્મ બંધુ !

આપનો અલંકાર વિભૂષિત અને જ્ઞાન ગ્રંથીથી ગુંથેલો તેમજ શુદ્ધ અંતઃકરણ અને પુર્ણ શ્રદ્ધાથી લખેલો પ્રેમી પત્ર મળતાં ઘણોજ આનંદ અને સંતોષ થયો છે આપના સહેજસાજ સમા-

ગમથી આપના જ્ઞાન, સદ્‌વર્તન, અને શુભ વિચારની સંપૂર્ણ ખાત્રી મને થઇ હતી. તેમાં વળી આપના આવા એક પછી એક પત્રોથી દિન પ્રતિદિન તેમાં વધારો થવાથી હવે કોઇ પણ રીતે શંકાનું સ્થાન રહેતું નથી, તેથી હું ખાત્રીથી કહુંછું કે આપ એક ઉત્તમ અધિકારી છો. વળી અતિ ઉત્સાહી અને પૂર્ણ પુરૂષાર્થી છો. તેથી ભવિષ્યમાં મારા જેવાનો આપની શિષ્યકોટીમા સમાવેશ થઇ શકે તેમ છે. એટલે હવે વધારે લખવાનો અવકાશ નથી છતાં પ્રસંગોપાત જેજે વિચારો સ્ફુરી આવશે તે આપને લખી જણાવીશ.

શાર્દૂલવિક્રીડિત છંદ.

હે પ્યારા તુજ પ્રેમથી હરઘડી, આનંદ વાધે ખરે,
છેટે છેક પડયો છતાં હરઘડી. દેખું તને દષ્ટિએ;
શાણા મિત્ર પવિત્ર નિત્ય અહીંઆં, જાપો હું તારા જપુ,
પત્રિકા આ પ્રેમની લઘુ ગણી, વિશેષ કાંઇ ન લખું.

ગીતિ.

શાણા મિત્ર સમિપે, નિશદિન રહેવા વૃત્તિ ઉર્ધ્વવતી;
પણ પ્રારબ્ધાધીનથી, સઘળી વૃત્તિ શાંતિ અનુભવતિ.

વળી પ્રસંગોપાત્ મારા મન ઉપર કંઇક અસર થવાથી તે વખતના થએલા વિચાર આ નિચે આપને સહેજ લખી જણાવું છું. જો કે તે અપ્રાસંગિક છે તોપણ અસ્થાને તો નથીજ.

" આ જગત્‌માં જ્યાં ત્યાં પ્રવૃત્તિ-પ્રવૃત્તિ-પ્રવૃત્તિજ. જે માણુસો જોવામાં સાંભળવામાં અને સહવાસમાં આવ્યા તે બધા વિ-

કારવાળા. સદ્‌વર્તનગીરી અથવા ચારિત્રવાન પુરૂષ ભાગ્યેજ કોઇ મળી આવ્યો. કહ્યું છે કે.—

દોહરો.

લાખમેં એક લખેશરી, સોમેં એક સુજાન,
સબનર બાંધે પાઘડી, સબકો નર મત જાન

તેમ આ પ્રમાણે આ સંસારની સ્થિતિ છે વળી વ્યવહારિક લોકોની એવી ઇચ્છા જણાય છે કે ગમે તેમ કરી ધન પ્રાપ્ત કરવુ અને ગમે તેવુ સંકટ વેઠીને તેનુ રક્ષણ કરવું મનુષ્ય જીવનનુ **કર્તવ્ય** આમાંજ સમાયુ છે એમ તે લોકો સમજે છે. વળી પરમપરાથી ચાલતી રૂઢી, ફળની આશા, કીર્તિની આશા કે બીજા ઉપર ઉપકાર કરવાની આશા,—આવા આવા કારણોને લઇને કેટલાક દ્રવ્યનો વ્યય કરે છે પણ ધન પ્રાપ્ત કરવાનો ને તેનો સંચય કરવાનો હેતુ શો એ કોઇ સમજ્યા હોય એમ જણાતું નથી. ધર્મ અને અધર્મ, પુણ્ય અને પાપ, બંધ અને મોક્ષ, કર્તવ્ય અને અકર્તવ્ય, જ્ઞાન અને અજ્ઞાન, વિદ્યા અને અવિદ્યા, આ બધા દ્વંદોના ભેદ કોઇ સમજ્યા હોય અને દુનિયામાં વર્તતા હોય એમ પણ જોવામા આવતું નથી.

તેમજ ભક્તિ કેવી રીતે કરવી ? કોની કરવી ? ભક્તિ કોનું નામ કહેવાય ? કર્મ શા માટે કરવાં ? અને કર્મ એટલે શું ? તેનો પણ ભેદ કોઇ વિરલ પુરૂષોજ સમજ્યા હશે. આવા સ્થળમાથી વૈરાગ્યવાન પુરૂષે હમેશને માટે દુર ખશી જવું એ પોતાને વધારે લાભ કર્તા છે—એમ અત્યારે મારૂ માનવું છે ”

આપનો આવેલો પત્ર બીજી વખત વાચી અવકાશે જરૂર ૦.ણુ એથી તેનો ઉત્તર લખીશ. ઉત્તરમા લખવા જેવું તો કાંઇ નથી. કારણ કે જે જે લખાયુ છે તે સમજ પૂર્વક લખાયુ છે, અને તે તે સઘળું મારે માન્ય છે, છતા આપના લખાણની પુષ્ટિ અર્થે અગર વિશેષ વિવેચન અર્થે કોઇક વખત કાંઇ લખીશ.

જેમના જેમના આપે નામ લખેલાં તેમને તેમને આપના સમાચાર અને નમસ્કાર કહ્યા હતા. તે સર્વેએ આપને ઘણાજ માન પૂર્વક નમસ્કાર લખાવ્યા છે.

સર્વેને ઘણાજ પ્રેમ પૂર્વક યથાઘટિત કહેશો. હાલ એજ.

અંતર્લાપિકા—દોહરા.

જક છોડી આ જગતની, જપ તું શ્રીહરી નામ,
જડ મતિ તવ તારી જશે, જવ મન રટશે રામ;
જણ એકજ આ જગતના, જન પદ પર આરૂઢ,
જગા જેહ જાણે નહિ, જમ ઘર જાયે મૂઢ.

લી૦ સ્નેહાધિન સેવક,
દોલતરામ નૃસિંહરામ ભટ્ટના
પ્રેમ પૂર્વક પ્રણામ સ્વીકારશોજી.

संपूर्णम्


પ્રકીર્ણ.

મહતાનાં લક્ષણ.

જેનામાં મોટાઇ આવે છે તે સ્વભાવે શાન્ત રહે છે. તે મો-ટાઇ છતાં લઘુતા રાખી રહે છે. પર ધનાદિકપર તેની દૃષ્ટિ જતી નથી. રાગ દ્વેષ તેને દુઃખ દેતા નથી. કલેશ કકાસ તેને કષ્ટ આ-પતા નથી. સરવે ઉપર તેની સમાનતા રહે છે. કોઇ તેને અપશબ્દ કહે છે તો તે સહન કરી ઉલટો ઉપકાર કરે છે. તેનું અંતઃકરણ દયાથી ભીંજાયલું હોય છે ઘરમાં ના હોય તો પણ બીજાને આપે છે. પોતે કામ કરે છે પણ બીજા પાસે કરાવતો નથી. કુસંપ અને દંભથી તે હમેશાં દૂર રહે છે તેનું અંગુષ્ટ માત્ર હૃદય આખું બ્ર-હ્માંડ જાણે સમાઇ જાય તેવું વિશાળ હોય છે. તે ધર્મ કર્મ પ્રમાણે ચાલી ઇશ્વરના પદને ઓળખે છે.

(એક મહાશય.)

इति शिवम्



શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ.
अर्पणपत्रिका	१	पत्रिका	पत्रिका
,,	४	०जनासर्वे	०जनास्सर्वे
,,	,,	स्वीकुर्वन्तु०	स्वीकुवन्तु सदा मुदे ॥
,,	૧૮	દીપોત્સ્વી.	દીપોત્સવી.
તાવના	૩	અયવા	અથવા.
૬	૧૫	સુહૃદવર્ય	સુહૃદ્વર્ય
,,	૨૦	સુહૃદવર્ગ.	સુહૃદ્વર્ગ.
९	१५	वंदः	वंदः ॥
१०	१४	प्रसन्न	प्रसन्नम्
१२	६	ददात	ददाति
,,	११	भद्राणि	भद्राणि

—०—

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨	૧૮	ય	૮ (અંક)
,,	૧૯	મળ્યો અનુ-ભવ જે મને	સંસારે અનુભવ મળ્યો.
,,	૨૦	જેહ	એહ
૯	૧	કર્યે	કર્યે
,,	૧૬	ક્રિયમાણને	ક્રિયમાણ તે
११ ફુટનોટ	१	प्रियत्वं	प्रियत्वं
૧૨	૧	વરા	વશ
,,	૧૭	નીમ	નિમ
	૧૮	દીન	દિન

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ.
૧૪	૨	સાધવા	સાધવો
१४ ફુટનોટ	૨	सगर	सागर
,,	,,	मथबा	मथवा
૧૬	૧૮	આધક	અધિક
૧૭	૧	અહિતરામ	આદિત્યરામ
૨૧	૧	પ્રિય	પ્રિય
૨૨	૨૦	કર્તવ્યમાં	કર્તવ્ય
૨૩	૧	આધકારી	અધિકારી
,,	૯	સસાર	સંસાર
,,	૧૦	સદ્ભાગ્ય	સદ્ભાગ્ય
,, ફુટનોટ	છેલ્લી	મૃક્તિનાં	મૂક્તિના
૨૬	૭	અમપ	અમાપ
૨૭	૨૦	પત્રિ	પવિત્ર
,,	૨૧-૨૨	અગે ચર	અગોચર
૨૮	૧૧	मवार्ण०	भवार्ण०
,, ફુટનોટ	૧	लध्वी	लघ्वी
૩૨	૩	કદી	કરી
૩૩	૫	સુખી	સુધી
૩૪	૧૯	શ્રય	શ્રેય
,,	૨૪	અજ્ઞત	અજ્ઞાત
૩૫	૧૪	પ્રતિબધ	પ્રતિબંધ
૩૫	૨૨	સાહે ।	સાહેબ
૩૯	૨	જણુએથી	જણાએથી
૩૯	૧૧	જક્ર	જક્ર,

જાહેર ખબર.

નીચે જણાવેલાં પુસ્તકો તેના કર્તા પાસેથી અગર
ભટ્ટ દોલતરામ નરસિંહરામ પાસેથી
કપડવણજમાંથી મળશે.

	પુસ્તકનું નામ.	કર્તા.	કિમત
૧	શ્રી શિવસ્તવન	રા. રા. મહાસુખરામ નરસિંહરામ મેહેતાજી કાનવા તાલુકે જંબુસર.	૦—૦—
૨	શ્રી વિવિધ જ્ઞાનનો સારાંશ ભાગ ૧. લો	સદર	૦—૧—
૩	સદર ભાગ ૨ જો.	સદર	૦—૨—
૪	શ્રીજ્ઞાનબોધકસભાની સુબોધ ગ્રંથાવળી ભાગ ૧	સદર	૦—૧—૦
૫	સદર ભાગ ૨—૩		૦—૨—૬
૬	કપડવણજ શહેરનુ ટુકું વર્ણન.	સદર	૦—૦—૦
૭	શ્રી મણિરત્નમાળાનુ મૂળ શ્લોક સાથે પદ્યમા ભાષાંતર	રા. રા. વકીલ અંબાલાલ દામોદર જોષી	૦—૦—૬
૮	સંસારસાર અને બ્રહ્મવિચાર (છપાય છે)	સદર	૧—૦—૦
૯	શ્રી સામવેદીય નિત્યકર્મ.	પ્રસિદ્ધકર્તા શ્રી મોઢ મિત્ર મંડળ કપડવણજ	૦—૨—
૧૦	શ્રી સામવેદ રુદ્રી.	સદર	૦—૨—૦
૧૧	શ્રી ઉપદેશ ગ્રંથાવળી અંક ૪૨ મો. ज्ञान महिमा. શ્રી નથુરામ મહારાજ તરફથી.	પ્રસિદ્ધ કર્તા દોલતરામ નરસિંહરામ ભટ્ટ.	વિના મૂલ્યે.
૧૨	નૂતન વર્ષારંભમાં પત્રિમિત્રનેપત્ર.	દોલતરામ નરસિંહરામ ભટ્ટ.	

(તેમજ પ્રસિદ્ધ કર્તા પાસેથી.) અગ